


વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક ₹50

# સ્વરસેતુ

## ન્યૂઝ ડાયજેસ્ટ

મે ૨૦૧૯

સૂરજ તો ઊગે ને આથમીએ જાય
મારી ઉપર આકાશ એમનેમ છે...
— ધ્રુવ ભટ્ટ


આપણું અમદાવાદ...
સુરીલું અમદાવાદ...
અમદાવાદની ગાથા.. અમદાવાદનાં ગીતો..
ગૌરવભેર.. ગમ્મત સાથે...
" મંદિર, મસ્જિદ, દેરાસર કે જાળી અને મિનારા
ખડકી, પોળ, મહોલ્લામાં જીવન સહુનાં મજિયારાં
(જ્યાં) કિલ્લા, દરવાજા, તળાવ ઈતિહાસ બનીને રહે
દેશ અને દુનિયામાં જેનું નામ ગુંજતું રહે
આપણું અમદાવાદ, આપણું અમદાવાદ...."
કાવ્યપંક્તિઃ માધવ રામાનુજ
Book with DVD & Audio CD
સંપર્ક કરોઃ
Marketed by :
Touching Tunes
707, Shitiratna, Avinash Vyas Chowk,
Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us : 26561834 / 35
visit us at : www.shyamalsaumil.com
પરિકલ્પના અને સંગીત
શ્યામલ-સૌમિલ
TOUCHING TUNES


Yellow Sapphire
CERTIFIED
GEMSTONES
with Buy Back Guarantee
Ruby
Emerald
Pearl
Coral
Diamond
Blue Sapphire
Hessonite
Cat's eye
RATNAश्री®
Gems & Jewels
42, Super Mall, Nr. Lal Bungalow, C.G. Road, Ahmedabad
Ph.: (+91-79) 2643 0930, 2642 4747, +91-98254 30930, 99250 23333
Email: ratnashree09@yahoo.com, www.ratnashree.com

વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક
સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ

# સંપાદકનું સારેગમ

## ગુજરાતીઓનો જુસ્સો અને એનાં ખમીરનું ગૌરવગાન 'ટેરિફિક ગુજરાતી'

મે મહિનો...

કાળઝાળ ગરમીના દિવસો. શાળા-કોલેજના વેકેશનના દિવસો. કેરી અને બરફ-ગોળા ખાઈ ટાઢક પામવાના દિવસો.

આ મહિનાની શરૂઆત ગુજરાત રાજ્ય સ્થાપનાદિનથી થાય. એની ઉજવણી નોખી-અનોખી રીતે થતી રહે.

સ્વાતંત્ર્ય-સંગ્રામ, હિંદ-ચળવળ કે મહાગુજરાત આંદોલનની ગાથા રજૂ કરતા ગીતોના શબ્દો પર દૃષ્ટિ નાખતા એ વખતનો સમય જીવંત થાય. એ વખતની ભાષા, અભિવ્યક્તિ વગેરે અનુભવાય. વરસોથી ગવાતી આ રચનાઓ આજના બાળકો અને યુવાનો ગાય તો ખરાં પણ એના શબ્દો અને એનો સંદર્ભ પામે ખરા? એ જ વિચારથી અમે એક નવું ગુજરાત ગૌરવ ગાન પ્રસ્તુત કર્યું.

ગ્લોબલ ગુજરાતીઓનું આ ગીત એ ગુજરાતની અસ્મિતા, ગુજરાતીઓની લાક્ષણિકતા વર્ણવતું ગીત બની રહેશે એવી અમને ખાતરી છે. 'ટેરિફિક ગુજરાતી' શીર્ષક હેઠળ આ ગીતની રજૂઆત અમે, અમારી યુટ્યુબ ચેનલ ઉપરથી કરી. ગુજરાતીઓનો જુસ્સો, એનું ખમીર અને એની લાક્ષણિકતા વર્ણવતું આ ગીત એ નવું ગુજરાતી હિપહૉપ રેપ સોંગ છે. આ ગીતને પુષ્કળ આવકાર મળ્યો. રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ પણ એ ગીત માટે શુભેચ્છા સંદેશો અમને પાઠવ્યો. અમારો આ આનંદ તમારી સાથે વહેંચતા અમે ખૂબ આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. વય સાથે, લય મિલાવી અને સમય પ્રમાણે અમારા સંગીત દ્વારા નવું અમે સતત કરતા રહીએ છીએ. આશા છે કે એ તમને પણ ગમશે જ.

**—સૌમિલ મુનશી**

*Follow us on*
/ShyamalSaumil

SHYAMAL-SAUMIL
the musical odyssey

વર્ષ: ૮/અંક: ૧૦૧/મે, ૨૦૧૯
**તંત્રી અને સંપાદક :**
સૌમિલ મુનશી
**પ્રકાશક :**
સૌમિલ મુનશી, શ્યામલ મુનશી
પરામર્શક: તુષાર શુક્લ
**ડિઝાઈન :**
www.e-shabda.com
**તસવીર પરામર્શક :**
વિવેક દેસાઈ, હર્ષ ઓઝા, કરણ વાધવાણી

**ઑફિસ એક્ઝિક્યુટિવ :**
જિગીષા જાની
**સહાય :** ગોપાલ પઢિયાર
**પબ્લિક રીલેશન્સ, કોઓર્ડિનેટર :** રીના ગોર
**કાર્યાલય :** સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન,
અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી),
એલિસબ્રિજ, અમદાવાદ ૩૮૦ ૦૦૬
ફોન: (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
કુલ પેજ: ૪૪


**ઈ-મેલ :**
તંત્રી: saumil@shymalsaumil.com
પ્રકાશક: swarsetu123@gmail.com
છૂટક મૂલ્ય
₹ ૫૦/-
વાર્ષિક લવાજમ (વર્ષમાં ૧૨ અંક)
દેશમાં રૂ. ૪૦૦/- (ટપાલ ખર્ચ સાથે)
વિદેશમાં: અમેરિકન ડૉલર ૫૦/-
બ્રિટિશ પાઉન્ડ ૩૦/-
(દરેક દેશ માટે પ્રતીક ટપાલ ખર્ચ સાથે)

(આ સામયિકમાં સમાવિષ્ટ પ્રત્યેક લેખો માટે જે-તે લેખકના અંગત અભિપ્રાય છે. તે માટે સંપાદક/પ્રકાશક સંમત છે જ એ જરૂરી નથી. તે માટેની નૈતિક જવાબદારી પ્રકાશક/સંપાદકની રહેતી નથી.)

દર મહિનાની ૧૪મી તારીખે પ્રકાશિત થતું **'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'** પોસ્ટ દ્વારા મોકલવામાં આવે છે. રવાના થઈ ગયા પછી કોઈ ગ્રાહકને અંક ન મળે તો તેની જવાબદારી અમારી રહેતી નથી. પરંતુ પંદર દિવસમાં પત્ર લખવાથી અથવા ઈ-મેઈલ દ્વારા જાણ કરવાથી ઉપલબ્ધ હશે તો અંક જરૂર મોકલવામાં આવશે.

નોંધ: લવાજમની રકમ રોકડથી, ચેક, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી. મનીઓર્ડર કે ડ્રાફ્ટ **વન્ડરવેવ્સ એન્ટરટેઇનમેન્ટ પ્રા. લિ.** ના નામે લખવો.

**Printed and Published by** SAUMIL PARESH MUNSHI on behalf of WONDER WAVES ENTERTAINMENT PVT. LTD. and **printed at** Sahitya Mudranalaya Pvt. Ltd., 55/14, City Mill compound, Kankaria Road, Ahmedabad-380 022 and **Published form** 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006. **Editor**-SAUMIL PARESH MUNSHI



# વિજય રૂપાણી

મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

apro/ug/2019/05/01/hv

તા. ૦૧-૦૫-૨૦૧૯

## સંદેશ

*તું ભણવ ભણવ નિજ સંતતિ સઉને, પ્રેમ ભક્તિની રીત*
*ઊંચી તુજ સુંદર જાત, જય જય ગરવી ગુજરાત*

-નર્મદ.

ગુજરાતીપણાની સાર્થકતા માતૃભૂમિ ગુજરાત અને માતૃભાષા ગુજરાતીને પ્રેમ કરવામાં છે. અહીંની ધરતી માં માનવતાનો ધબકાર છે. અહીં સર્જનનો સ્વીકાર છે. ભૂતકાળમાં પારસીઓ અને આજે રોજગાર માટે વિવિધ રાજ્યોમાંથી આવેલી પ્રજાને આ ધરતીએ પાતીકાપણાનો અનુભવ કરાવ્યો છે. ટ્રેન કે ગાડી ઉપડવાના અડધા કલાકમાં તો અડોશ પડોશના મુસાફરો સાથે ઢોકળા-ઢેબરાની વહેંચણી કરતા પ્રેમાળ ગુજરાતીઓની આ ધરતી છે. માતૃભાષા ગુજરાતીનું ગૌરવ પ્રત્યેક ગુજરાતીને હોવું ઘટે છે. નરસિંહ મહેતા, અખો ભગત, સુંદરમ્, ઉમાશંકર જોષી જેવા અનેક સાહિત્યકારોના સર્જનોએ ગુજરાતી ભાષાને ગરિમા પ્રદાન કરી છે તેનાથી આજની પેઢી અવગત થાય અને આ ભાષાનું ગૌરવ અનુભવે એ અતિ મહત્ત્વપૂર્ણ બાબત છે.

ગુજરાત સ્થાપના દિવસની ઉજવણીના ભાગ સ્વરૂપે તૈયાર કરેલું ગીત 'ટેરીફિક ગુજરાતી' ગુજરાતીઓના સ્વભાવ, ખંત અને અન્ય લાક્ષણિકતાઓને બખૂબી ઉજાગર કરે છે. આ ગીત વધુમાં વધુ ગુજરાતીઓ સુધી પહોંચે અને સફળતા પ્રાપ્ત કરે તેવી શુભકામના પાઠવું છું. શ્યામલભાઈ સૌમિલભાઈ મુનશી તથા પરિવારને અભિનંદન સાથે શુભેચ્છા. જય જય ગરવી ગુજરાત.

આપનો,

(વિજય રૂપાણી)

To,
**Shree Shyamal Sumil Munshi,**
707, Shitiratna, Shri Avinash Vyas Chowk,
Panchwati Cross Roads, Ellisbridge,
Ahmedabad-380006.
Email:saumil@shyamalsaumil.com

## જહેમતભરી સફરમાં અમને પણ તમારા સાથી તથા સાક્ષી બન્યાનું ગૌરવ છે

આપની સંસ્થા દ્વારા વર્ષ દરમ્યાન યોજાતા રસસભર સંગીત કાર્યક્રમના પ્રેક્ષક-કમ-શ્રોતા થવાના અવસર સાંપડ્યા છે, જેના માટે અમે આપના ઋણી છીએ. સાથે સાથે આપની સંસ્થાનું રસભર્યું મેગેઝીન 'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ' આવે ત્યારે એકી બેઠકે વાંચી જવાની આતુરતા સતત રહી છે. આપના દ્વારા યોજાતા વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમો તથા તેમાં ભાગ લેતા યુવા કલાકારોની મહેનત માણવાનો અનેરો આનંદ હંમેશાં રહ્યો છે. આપના દ્વારા યોજાતા બધા જ કાર્યક્રમો સરસ જ હોય છે પણ વિશેષ કરીને 'અનુષ્ઠાન' કાર્યક્રમનું અમારા દિલમાં વિશેષ સ્થાન રહ્યું છે. આ વખતે અમે 'અનુષ્ઠાન'ની રાહ જોતા જ રહી ગયા. આ કાર્યક્રમ થંભી કેમ ગયો? આશા રાખું છું કે તેને તેના નવા સ્વરૂપ અને સજાવટ સાથે લઈને આવવાના હશો.

આપણી આગવી ગુજરાતી ભાષાના સંવર્ધન કાર્ય માટેના આપની આ ખૂબ જ જહેમતભરી સફરમાં અમને પણ તમારા સાથી તથા સાક્ષી બનાવ્યા છે જે અમારા માટે ખુશીની વાત છે. આપની પૂરી ટીમ સંગીત ક્ષેત્રે ખૂબ સરસ પ્રગતિ કરે તથા નવી પેઢીને તેના મીઠા ફળોનો આસ્વાદ સતત મળતો રહે એ જ શુભકામના.

આપનું આ સંગીત શતક નવી પેઢીને લાભ અને પ્રેરણા પૂરી પાડે એ જ શુભભાવના સહ આપની ટીમના સર્વ સભ્યને ખૂબ ખૂબ અભિનંદન.



**– કે. ડી. પટેલ, અમદાવાદ.**

## 'સ્વરસેતુ'ની સુરીલી કલાત્મક સફર

'સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ'ની સુરીલી કલાત્મક સફરનો મધુરો ૧૦૦મો અંક મળ્યો. આનંદ હો આનંદ.

સ્વરસેતુ ૧૦૧ અંક અવનવા સંગીત કલા સાહિત્યના રંગો ભરો. આનંદ-ઓચ્છવ ઉજવશે અને અમે એના સહભાગી થશું માણવા માટે જ.

સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનો શરૂઆતથી જ સભ્ય છું જ્યારે પણ અંક ન મળે ત્યારે જિગીષાબેનને એક ફોન કરવાથી તરત અંક મળે, આપ સૌની ખેલદિલી નતમસ્તક સ્વીકારું છું.

સ્વરસેતુની હરકલમની તાજગી માણું છું હરકલમ કાબિલેદાદ છે. સ્વરસેતુ હાથમાં આવતાં જ વંચાઈ જાય છે. છેલ્લાં પાનાં સુધી વંચાતું રહેતું સ્વરસેતુ વાંચતાં અધૂરી પ્યાસ બની ઊભું રહે છે.

થોડા વધુ પાનાં-મટીરીયલ્સ ઉમેરવાથી અધૂરી પ્યાસ નહીં રહે એ એષણા સાથે આ પત્ર લખતાં ખુશી થાય છે.

૧૦૦મો અંક વાંચતાં રફી સાહેબનું ગીત યાદ આવે છે 'બાર-બાર દિન યે આયે, તુમ જીઓ હજારો સાલ...'

સાથે મારી શુભેચ્છા વ્યક્ત કરું છું. ફરીથી ટીમવર્કને મુબારકબાદી પાઠવું છું.



**– ભૂપેન્દ્ર શેઠ 'નીલમ', જામનગર**



રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# કદાચ આ ભીડમાં દરેકનો દીકરો ખોવાઈ ગયો છે



### આ કઈ ભીડ?

શોધવા રાજેશને હું નીકળું છું ભીડમાં,
કેટલા રાજેશને ત્યારે મળું છું ભીડમાં.

શોધવા હું દીકરાને નીકળું છું ભીડમાં,
કેટલા હું દીકરાઓને મળું છું ભીડમાં.

માણસોનો એક દરિયો ઘૂઘવે આ શ્હેરમાં,
હું નદી જેવો જ કૈં વિહ્વળ ભળું છું ભીડમાં.

લાગતું કે છે બધાના પુત્ર ખોવાયા અહીં,
સાદ એ રઝળી પડેલા સાંભળું છું ભીડમાં.

પુત્ર સૌ ભૂલા પડી જાણે પિતાને શોધતા,
બૂમ એ ઘોંઘાટ વચ્ચે સાંભળું છું ભીડમાં.

આટલા માણસ, ને એમાં એક જણ મારું નહીં,
હું ય સૌની જેમ સૂનો ટળવળું છું ભીડમાં.

માત્ર ધક્કા, માત્ર ઠોકર, માત્ર ભીંસાવું રહ્યું,
જીવતો તેથી જ લાગું ખળભળું છું ભીડમાં.

આંગળી આ શોધની છૂટી જશે તો શું થશે?
નીકળીને બ્હાર હું પાછો વળું છું ભીડમાં.

રાજેશ વ્યાસ 'મિસ્કીન'

કુંભના મેળામાં... લાખ્ખો લોકોની ભીડ... માણસો ચાલ્યા જ કરે છે... ભીડમાં હાથ પકડ્યો ન હોય તો છૂટા પડી જવાય, ભૂલા પડી જવાય... પછી મળવાનું ઘણું અઘરું બની જાય, ઘણું અઘરું બનતું જાય. રોજ અસંખ્ય વૃદ્ધ-બાળકો ખોવાતા હશે, જડી જતા હશે... માનવ મ્હેરામણ ઘૂઘવાતો રહે છે. પૃથ્વી ઉપરનો એક માત્ર આટલી મોટી સંખ્યાનો આ અવસર છે.

હમણાં એક ફિલ્મ જોઈ. કદાચ એડ ફિલ્મ હતી. કુંભના મેળામાં યુવાન પુત્ર તેના વૃદ્ધ પિતાજીને લઈને આવ્યો છે. બાપ ભીડ જોઈને ડરી જાય છે. ખૂબ ભીડ છે એ તરફ જવાની પુત્રને ના પાડે છે છતાં પુત્ર બાપને એ જ તરફ લઈ જાય છે. ફિલ્મ જોનારાને પુત્રની આંખો અને ચાલવાની ઝડપ ઉપરથી ખ્યાલ આવી જાય છે કે આ દીકરો આ બાપને આ ભીડમાં ક્યાંક છોડી દે છે. પણ બાપ પુત્રની આંખમાં આ જોઈ નથી શકતો. લાગણી અને માયા અલગ છે. બને છે પણ એમ જ. પુત્ર બાપને છોડીને ભીડમાંથી સરકતો સરકતો દૂર ચાલ્યો જાય છે. વૃદ્ધ બાપ તેના પુત્રને, તેના મુન્નાને બૂમો પાડે છે. સાદ ફાટી જાય છે. ઝળઝળિયાવાળી આંખે ચારે તરફ જુવે છે. દીકરાને લાચાર આંખોથી શોધે છે પણ... દીકરો તો બાપને છોડી દેવા માટે જ ભીડમાં લાવ્યો હતો. કંઈક છોકરાઓ તેમના મા-બાપને આમ જ ઘરડાઘરમાં-ભીડમાં-કુંભના મેળામાં છોડી જતા રહે છે.

પિતા-પુત્ર નદી પસાર કરતા હોય છે. પુત્ર કહે છે પિતાજી આવો તમારો હાથ હું પકડી લઉં અને પછી તરત ના, એમ કહીને કહે છે કે, તમે મારો હાથ પકડી લો પિતાજી. આમ જુવો તો વાક્ય બંને સરખા જ લાગે. પિતાજી કહે છે હું તારો હાથ પકડું કે તું મારો હાથ પકડે વાત સરખી જ છે ને. પુત્ર ના પાડે છે. તે કહે છે કે પિતાજી હાથ મેં પકડ્યો હશે તો હું કદાચ છોડી પણ દઉં. પણ તમે પકડ્યો હશે તો મને નહીં છોડી દો.

આ તો ફિલ્મ છે... આગળ ચાલે છે. પુત્ર ચાલતો-ચાલતો કુંભનો મેળો જે તરફ શરૂ થાય છે એ તરફ આવે છે અને તે બાજુના લાઉડસ્પીકર ઉપર ખોવાયેલા, જડેલા, છૂટા પડેલાની પોલીસ દ્વારા જાહેરાત થતી હોય છે. એ લાઉડસ્પીકરની નીચે એક યુવાન પિતા તેના નાનકડા પુત્રને કહેતો હોય છે કે, 'મુન્ના, ઓ મુન્ના આ મારા હાથ સાથે તારો હાથ ઘમછાથી બાંધી દઉં છું જેથી છૂટા ના પડી જવાય. નાનો પુત્ર હાથ લંબાવે છે. યુવાન પિતા પુત્ર સાથે પોતાનો હાથ બાંધે છે. પિતા તેના બાળપણમાં તેને વ્હાલ કરતા હતા એ બધું યાદ આવે છે. યુવાન પુત્રને વૃદ્ધ પિતા યાદ આવે છે. ઢીલો પડી જાય છે. પુત્ર ફરી પાછો ભીડમાં ભળી જાય છે, વૃદ્ધ બાપને શોધવા.

દરિયો ખારો જ હોય. નદી મીઠી જ હોય. નદી દરિયામાં ભળી જવા માટે વિહ્વળ જ હોય, નદીનું મીઠું પાણી ભલે ખારું થઈ જાય. પણ નદી દરિયામાં ભળી જવા માંગે છે. પિતા પુત્રને ખાતર ગામડાનું જીવન છોડી, તાજી હવા છોડીને સ્કેવરફૂટના ફ્લેટોમાં દરિયામાં ભળી જવા તૈયાર છે. વિહ્વળ છે. અને એ પણ એટલું જ સાચું છે કે ઘણી નદીઓ દરિયા તરફ નહીં રણમાં જઈને સમાઈ જતી હોય છે.

દરેક ભીડમાં કંઈક પિતાઓ તેમના પુત્રોને શોધતા હોય છે. દરેક શહેરમાં, દરેક જગ્યાએ પુત્રને પિતાની આંખો શોધતી હોય છે. એક વાંચેલી ઘટના યાદ આવે છે. પિતા-પુત્ર નદી પસાર કરતા હોય છે. પુત્ર કહે છે પિતાજી આવો તમારો હાથ હું પકડી લઉં અને પછી તરત ના, એમ કહીને કહે છે કે, તમે મારો હાથ પકડી લો પિતાજી. આમ જુવો તો વાક્ય બંને સરખા જ લાગે. પિતાજી કહે છે હું તારો હાથ પકડું કે તું મારો હાથ પકડે વાત સરખી જ છે ને. પુત્ર ના પાડે

છે. તે કહે છે કે પિતાજી હાથ મેં પકડ્યો હશે તો હું કદાચ છોડી પણ દઉં. પણ તમે પકડ્યો હશે તો મને નહીં છોડી દો.

હાથ કોઈ પણ છોડે... હાથ કોઈનો પણ છૂટી જાય. પીડા છૂટા પડી જવાની છે. આ બધું બેકગ્રાઉન્ડમાં પડ્યું હશે અને આ ગઝલ... હું મને શોધવા આ ભીડમાં નીકળું છું. મારો પુત્ર, મારા પિતા આ ભીડમાં ખોવાઈ ગયા છીએ. હું પણ મારો મુન્નો શોધું છું. ઘણાં મુન્નાઓ તેમના પિતાને શોધતા હશે. આપણે સૌ આ ભીડમાં આપણી જાતને, એકબીજાને શોધ્યા કરીએ છીએ.

દીકરો શહેરમાં રહેતો હોય એ દીકરાને મળવા, એને શોધવા પિતા શહેરમાં આવે એ વિષય હિન્દી ફિલ્મોમાં ચવાઈ ગયો છે. ઘણો જૂનો છે. પણ રોજિંદી જિંદગીમાં આજે પણ બિલકુલ નવો છે અને એટલો જ આઘાતજનક છે. દરિયો ખારો જ હોય. નદી મીઠી જ હોય. નદી દરિયામાં ભળી જવા માટે વિહ્વળ જ હોય, નદીનું મીઠું પાણી ભલે ખારું થઈ જાય. પણ નદી દરિયામાં ભળી જવા માંગે છે. પિતા પુત્રને ખાતર ગામડાનું જીવન છોડી, તાજી હવા છોડીને સ્કેવરફૂટના ફ્લેટોમાં દરિયામાં ભળી જવા તૈયાર છે. વિહ્વળ છે. અને એ પણ એટલું જ સાચું છે કે ઘણી નદીઓ દરિયા તરફ નહીં રણમાં જઈને સમાઈ જતી હોય છે.

ભીડમાં ઘોંઘાટ સિવાય કશું નથી હોતું. પણ એ ઘોંઘાટ થોડીક ક્ષણો માટે ભીતરથી શાંત થઈને વાંચવા-સાંભળવા જેવો છે. રઝળી પડેલા, ખોવાઈ ગયેલા, ભૂલા પડેલા અનેક સાદ ત્યાં લાગશે. પ્રેમાળ અવાજો ઘોંઘાટ બની ગયેલા લાગશે.

ભીડની બહાર નીકળી જવાનું મન અનેકવાર થાય છે. પણ એક આશા, એક લાગણી કે જેના આધારે આજ સુધી જીવાયું છે ટકાયું છે એ મરી જશે તો શું થશે? આ વિચાર આવે છે અને અંદરથી ધ્રૂજી જવાય છે અને હું પાછો મારા મુન્નાને શોધવા ભીડમાં ભળી જઉં છું.

જેની છાયામાં તમે મોટા થયા હોવ એ છાયાને છોડી ન દેતા. એ છાયાને તમારા સાથની જરૂર હોય છે. ફિલ્મમાં મુન્નો તેના પિતા પાસે પાછો પહોંચી જાય છે. તેના પિતાને કહે છે કે પિતાજી ભીડ ખૂબ છે ઘમછાથી હાથ બાંધી દેવો છે? પિતાની આંખો ભીંજાઈ જાય છે. હસીને કહે છે તું ય સાવ બાળક જેવી વાતો કરે છે. મુન્નો કહે છે તમારી પાસે તો હું બાળક જ છું પિતાજી...



Pidilite

# MAKE MORE

## STICK MORE | STICK FASTER

THERMOCOL™
FABRIC
SPONGE
CARDBOARD
WOOD
PLASTIC
WOOL
GLASS
TERRACOTTA
FELT
PAPER &
MUCH MORE




For 85 g Pack

For 30g Pack



રતિલાલ બોરીસાગર

# આપણી કૉલેજો વિશે....



થોડાં વરસ પહેલાં એક વાલી બીજા વાલીને પૂછતાં, 'તમારો દીકરો (કે દીકરી) કઈ કૉલેજમાં ભણવા જાય છે? હવે સત્યના આગ્રહી વાલી પૂછે છે, 'તમારો દીકરો (કે દીકરી) કઈ કૉલેજમાં જાય છે?' કૉલેજમાં જવું' એટલે 'ભણવા જવું' એવું સમીકરણ હવે જૂનું થઈ ગયું છે. ખરેખર તો કૉલેજમાં જવુંનો અર્થ 'ભણવા, સિવાય ઘણાંઘણાં માટે જવું' એવો થાય છે, આ 'ઘણાંઘણાં'માં શેનોશેનો સમાવેશ થાય છે તે કૉલેજનો વિસ્તાર, કૉલેજની સંખ્યા, પ્રિન્સિપાલની ઉદારતા અને અધ્યાપકોની સહનશક્તિ અને વિદ્યાર્થીઓની હિંમત અને સાહસિકતા પર આધાર રાખે છે.

તમે કોઈ કૉલેજ પાસેથી પસાર થશો તો તમને રંગબેરંગી કપડાંવાળાં યુવક-યુવતીઓનાં ટોળાં આમતેમ ફરતાં અથવા ઊભાં-ઊભાં વાતો-મજાક-મસ્તી કરતાં દેખાશે. એકવાર હું મારા મિત્રની સાથે એક કૉલેજ પાસેથી પસાર થતો હતો ત્યારે મિત્રે નિસાસો નાખીને કહ્યું, 'અરેરે! શું થવા બેઠું છે, આ દેશનું?'

'કેમ શું થયું?' મેં ચિંતાતુર સ્વરે પૂછ્યું, આજ સવારના છાપું વાંચી શકાયું નહોતું એટલે દેશ પર આવી પડેલી આફત વિશે હું અજાણ રહી ગયો હોઈશ એમ મને લાગ્યું. એક નાગરિક તરીકે મારા માટે આ સારું ન કહેવાય એવી ગુનાની લાગણી પણ મારા હૃદયમાં જન્મી.

'આ છોકરા-છોકરીઓ ભણવા માટે કૉલેજમાં દાખલ

થાય છે. પણ આમ બહાર રખડયાં કરે છે. આ લોકો દેશને કેવી રીતે ચલાવશે?' મિત્રે ફરી પ્રલંબ નિસાસો નાખ્યો.

'આઝાદી પછીનાં આટલાં વર્ષોમાં દેશનું એટલી હદે બગડી ચૂક્યું છે કે હવે કોઈ પણ માટે દેશનું વધુ બગાડવાની તકો ઘણી ઓછી છે.'

'તમે મારી વાત મજાકમાં ન ઉડાવી દો. તમને કંઈ થતું નથી, આ છોકરા-છોકરીઓને આમ હરતાં-ફરતાં જોઈને?'

'થાય છે ને! ઈર્ષા થાય છે. આપણે બહુ વહેલા જન્મી ગયા ને બોચિયાની જેમ ભણભણ કર્યું. આ સમયમાં જન્મ્યા હોત તો આપણેય આ લોકોની જેમ લ્હેર કરતાં હોત ને? આપણે સિરિયસલી ભણ્યા તોય દેશનું બગડતું કંઈ અટકાવી શક્યા?'

મિત્રે પ્રતિવાદ ન કર્યો પણ મારી વાત એમને ગળે ઊતરી હોય એમ લાગ્યું નહિ. અમે છૂટા પડ્યા ત્યાં સુધી એમણે નિસાસા નાખ્યા કર્યા.

મારા એક મિત્રનો દીકરો કૉલેજમાં પ્રોફેસર થયો. પ્રોફેસરના ઊંચા પગારધોરણો જોઈ એ આકર્ષાયેલો. કૉલેજના પ્રોફેસરોના ઊંચા પગારધોરણની ઘણી ટીકા થાય છે. 'વરસમાં અમુક દિવસ કલાક-બે કલાક કામ કરવાનો આટલો બધો પગાર?' 'એવો પ્રશ્ન ઘણાંને થાય છે. પણ હું એમ નથી માનતો. પ્રોફેસરોને યુ.જી.સી.ના પગારધોરણ કરતાં પણ વધુ પગાર રાજ્ય સરકારે આપવો જોઈએ એવી મારી લાગણી છે. પ્રોફેસરોને માત્ર ભણાવવા માટે જ પગાર નથી મળતો. કૉલેજમાં તોફાન થાય છે. પ્રોફેસરોને કેટલીક વાર માર પડે છે. આ માર ખાવાનું સ્પેશિયલ ઍલાઉન્સ મેળવવાનો પણ પ્રોફેસરોનો નોકરીસિદ્ધ અધિકાર છે. ઉમાશંકર જોશી કહેતા કે, 'અમારે અધ્યાપકોને મન વર્ગ એ જ સ્વર્ગ છે.' પણ હવે તો વર્ગમાંથી સીધા સ્વર્ગમાં જતા રહેવું પડે એવું જોખમ ઊભું થયું છે. એટલે પ્રોફેસરોને જે પગાર મળે છે તેમાં પચાસ ટકા પગાર આ જોખમ અંગે મળે છે; ચાલીસ ટકા પગાર કૉલેજમાં નિયમિત જવા માટે મળે છે. (સરકારી કર્મચારીઓને ઑફિસે જવા માટે મળે છે એ રીતે) અને દસ ટકા પગાર એને ક્યારેક-ક્યારેક ભણાવવાની તક મળે અને એ વખતે એનો ભણાવવાનો મૂડ હોય તો એને માટે એટલે કે ભણાવવા માટે મળે છે.

મેં પ્રોફેસર થયેલાં મિત્રપુત્રને પૂછ્યું, 'તારી કૉલેજમાં ડિસીપ્લીન કેવી છે?'

'બહુ સારી નથી. પણ અમને કશી તકલીફ નથી પડતી.'

'કેમ? વિદ્યાર્થીઓ વર્ગમાં તોફાન કરે તો તકલીફ તો પડે જ ને?'

'મોટા ભાગના વિદ્યાર્થીઓ વર્ગમાં આવતા ન નથી. કોઈ વાર ચેઈન્જ ખાતર એ લોકો વર્ગમાં આવે છે ત્યારે તોફાન કરે છે એ વખતે અમે પ્રોફેસરો વર્ગમાં નથી જતા!'

વિદ્યાર્થીઓ વર્ગમાં જવાને બદલે બહાર ચોગાનમાં હરેફરે એના ઘણાં લાભો છે. એક તો ખુલ્લી હવામાં ફરવાને લીધે, સ્કૂટર પર બેસી શિયાળાની સવારનો તડકો માણવાને કારણે આરોગ્ય તો સારું રહે જ છે, પણ ઝાઝો સમય બહાર ચોગાનમાં ગાળવાને કારણે યુવક-યુવતીઓ એકબીજાનાં નીકટના પરિચયમાં આવે છે અને એને પરિણામે એમના જીવનનો મહત્વનો પ્રશ્ન-લગ્નનો પ્રશ્ન ઊકલી જાય છે. જોકે આ કારણે કેટલાંકનાં જીવનમાં એટલા બધા પ્રશ્નો ઊભા થાય છે કે પછી તેઓ જીવનભર એ પ્રશ્નોમાં જ અટવાયેલાં રહે છે!

એક વખત એક કૉલેજ પર પથ્થરમારો થયો. પથ્થરમારો કરનારાઓમાંથી કેટલાંક પકડાયા. એમાં પંચાવન વરસની ઉંમરના એક પ્રૌઢ સદગૃહસ્થને પૂછ્યું, 'તમે આ ઉંમરે પથ્થરમારામાં શું કામ જોડાયા?'

'સાહેબ! સાચું કહું? હું આ કૉલેજમાં ભણ્યો છું. મારી

પત્ની મને આ કૉલેજમાંથી મળી હતી. એણે મને જે અનુભવ કરાવ્યો છે એનાથી મને મારી આ કૉલેજ પર બહુ ગુસ્સો આવે છે. હું મારો પત્નીને તો કંઈ કરી શકું એમ નથી. પણ આજે હું અહીંથી નીકળ્યો એ વખતે છોકરાઓ કૉલેજ પર પથ્થરમારો કરી રહ્યાં હતા. એ જોઈ હુંય ઉશ્કેરાયો. બાકી આ લોકો શેને માટે પથ્થરમારો કરતાં હતા તેય હું નથી જાણતો.'

આવું જોકે જૂજ કિસ્સામાં બનતું હશે. કૉલેજના કારણે પરણ્યાં હશે એવાં કેટલાંક સુખી પણ હશે.

ચારેક વરસ અગાઉ કૉલેજોમાં કેમ્પસ-ફી દાખલ કરવામાં આવી હતી. એ વખતે કેમ્પસ-ફીનો સખત વિરોધ થયો હતો. પણ હું માનું છું કે કૉલેજમાં કેમ્પસ-ફી જ લેવી જોઈએ. ક્લાસરૂમનો ખાસ ઉપયોગ રહ્યો નથી, માટે ટ્યુશન ફી તદ્દન વાજબી વાત છે. વિદ્યાર્થી કેમ્પસ પર હાજર થાય એટલે એની હાજરી માન્ય કરી દેવી જોઈએ. દરેક પિરિયડમાં અધ્યાપક પહેલાં મેદાન પર જઈ હાજરી પૂરે અને પછી વર્ગમાં જઈ, જે વિદ્યાર્થીઓ વર્ગમાં હોય તેમને ભણાવે. વર્ગમાં કોઈ ન હોય તો શાંતિથી કૉમનરૂમમાં બેસે, શૅરબજારનું સાહિત્ય વાંચે અથવા સહ-અધ્યાપકો જોડે ગપ્પાં મારે. કેમ્પસ પર હાજરી પૂરવામાં અધ્યાપકોને નાનમ લાગતી હોય તો 'હાજરી પૂરનાર'ની નવી પોસ્ટ યુ. જી.સી.એ. ઊભી કરવી જોઈએ અને આ કામ કરનાર માટે અંગ્રેજીમાં કોઈ સારું નામ શોધી કાઢવું જોઈએ. (આમાંથી ભવિષ્યમાં ઘેર આવીને હાજરી પૂરી જાઓ એવી માગણી ઉઠવા સંભવ છે. આવું થાય ત્યારે આ માગણી અંગે પણ સહાનુભૂતિથી વિચારી શકાશે.) ટ્યુશન-ફી લેવાની સત્તા ફક્ત કોચિંગ ક્લાસના સંચાલકોને જ આપવી.

ઉચ્ચશિક્ષણમાં આટલા ફેરફાર તાત્કાલિક કરવા જોઈએ.


**નોંધ:** હજુ કેટલાંક પ્રિન્સિપાલો વિદ્યાર્થીઓએ કૉલેજમાં હાજર રહેવું જોઈએ અને તે પણ વર્ગમાં હાજર રહેવું જોઈએ એવો દુરાગ્રહ રાખે છે. હજુ કેટલાંક અધ્યાપકો વર્ગમાં ભણાવવાનો આગ્રહ રાખે છે, હડતાલ વખતેય ભણાવવાનો આગ્રહ રાખે છે, આવા જીવોને પ્રભુ સદબુદ્ધિ આપે!

**('ૐ હાસ્યમ્', પ્રકાશન: ગૂર્જર પ્રકાશન)**







Future Solutions®
AIRCONDITIONING SOLUTIONS FOR THE FUTURE
DAIKIN
GUJARAT'S LARGEST SERVICE NETWORK
0% FINANCE AVAILABLE
HI WALL UNITS
CASSETTE UNITS
DUCTABLE UNITS
VRV SYSTEMS
CHILLERS
Get ready to chill
K3DC.IN
FUTURE SOLUTIONS
DAIKIN SOLUTION PLAZA
futuresoluindia@gmail.com
www.futuresoluindia.com
Jyoti Plaza,
Shyamal Cross Roads,
Satellite, AHMEDABAD.
+91 79 26746605 / 06,
99789 69242, 98253 06605
GANDHINAGAR SHOWROOM
5/GF, Ugati Corporate Park,
Opp. Pratik Mall,
Nr. HDFC Bank, Kudasan.
079 2360 0789

Future Automation Solutions
SOLUTIONS FOR SIMPLIFIED LIVING
Authorized Channel Partners & System Integrators
B. Berker by hager
Schneider Electric
Control4
RTI
INTEGRATED AUTOMATION SOLUTIONS
HOME & OFFICE AUTOMATION
DISTRIBUTED AV & HOME THEATRES
LIGHTING, SHADE & CLIMATE CONTROLS
SECURITY & SURVEILLANCE
DOOR COMMUNICATION & CONTROLS
K3DC.IN
FUTURE AUTOMATION SOLUTIONS EXPERIENCE CENTER
079 2674 6605 / 06 | +91 99098 94784

POWER PACK SYSTEMS
LEADER IN POWER PROTECTION
Future Solutions Group
POWER BACKUP
SALES . SERVICE . RENTAL
K3DC.IN
Authorised Premium Dealer
EATON
UPS
POWER PACK SYSTEMS
"Hani House", Ground Floor,
B/h. Oriental Bank of Commerce,
Shyamal Cross Roads, Satellite,
Ahmedabad-380 015.
E info@powerpacksystems.in
powerpacksystems2611@gmail.com
M 9824013589
P +91 79 2674 6605 / 06

The Cake STATION
COMPLETE SOLUTION FOR BAKERS & CONFECTIONERS
ARIFE La moulde®
Types of Moulds, Cake Boards, Cupcake Liners.
Fondants, Colours, Essence, Fruit Crush & other edible products.
Types of Cutters & Plungers.
Packing material for Cakes, Cupcakes, Chocolates and many more products.
AUTHORIZED DEALER FOR MUMBAI BASED ARIFE LAMOULDE
DESIGNER CAKES & CUPCAKES (BY ORDER)
14, Vraj Vihar-5, Opp. Gloria Restaurant,
Behind Rahul Tower, Satellite, Ahmedabad.
98795 16605 | 079 4006 6605
thecakestation@hotmail.com
K3DC.IN

# પ્રતિસ્પર્ધા



મને બે સંતાન છે. મોટી દીકરી મેઘા ને તેનાથી ત્રણ વરસ નાનો અતુલ. અતુલ બહુ ચબરાક, બહુ જ હોશિયાર. દરેક બાબતમાં પહેલો. એને જોઇને મારી છાતી ફુલાતી. નિશાળમાં કાયમ પહેલો નંબર લાવે. બારમામાં આખા બોર્ડમાં પહેલો આવ્યો. એ એન્જિનિયર થયો. સ્કોલરશિપ મેળવીને અમેરિકા ગયો. ત્યાં પણ તેજસ્વી કારકિર્દી. દસ વરસે હમણાં મહિનો-માસ માટે ભારત આવ્યો છે. હું તો ઘેલી-ઘેલી થઈ ગયેલી. પરંતુ કાલે મારા દિલને ભારે આઘાત લાગ્યો. હું હલબલી ઊઠી.

એનું બાળપણ, એનો ઉછેર, બધું મારી આંખ સામેથી પસાર થઈ ગયું. ઘૂંટણિયા ભરતો થયો, ત્યારથી મારા ખોળામાં મેઘાને ન બેસવા દે. ખોળામાં બેસવાનો હક એનો જ. બધાનું ધ્યાન હંમેશા એના પર જ કેન્દ્રિત રહેવું જોઈએ. નહીં તો કાંઈ કેટલાંયે ધમપછાડા કરીને એ સહુનું ધ્યાન પોતાનાં તરફ ખેંચતો. જરીક મોટો થયો, ત્યારે દોસ્તારોમાંયે કેન્દ્રસ્થાને પોતે જ રહેવો જોઈએ. આમેય તેની બુદ્ધિ અને કુશળતાને લઈને એ જ આગળ રહેતો.

મારી મેઘા પણ પહેલેથી જ તેજસ્વી. નાની હતી ત્યારે ભાઈના વર્તનથી એને ઓછું આવે, તો હું એને સમજાવતી, 'જવા દે, એ તારો નાનો ભાઈ છે ને! તું મોટી છે.' પણ જેમ જેમ મોટી થઈ, તેમ તેમ મોટપ એને માટે સહજ થઈ ગઈ. અતુલના સ્વભાવને તે એટલી સલુકાઈથી સાચવી લેતી કે હું એના પર વારી જાતી. મેઘા મારી બહુ ડાહી દીકરી!

પરંતુ મેઘાના લગ્ન વખતે એ અમેરિકાથી ન આવ્યો.

પહેલાં આવવાનું નક્કી કરેલું, પણ છેલ્લી ઘડીએ માંડી વાળ્યું, નવો વેપાર શરૂ કર્યો છે. બજારમાં ભારે સ્પર્ધા છે. તેમાં વચ્ચેથી આવું, તો પાછળ પડી જાઉં. અમને લાગ્યું તો ખરું, પણ એનો સ્વભાવ જાણતાં હતાં, એટલે મન મનાવ્યું.

પછીયે અહીં આવવાનું ઠેલાતું જ રહ્યું. એ પોતાના કામમાં વધુને વધુ વ્યસ્ત થતો ગયો. અમારાં માબાપનાં દિલ એને માટે ઝૂરતાં હતાં. પણ એ કહેતો, 'એવા સેન્ટિમેન્ટલ થઈએ, તો કેરિયર શી રીતે બને? અમેરિકા તો ગળાકાપ સ્પર્ધાની દુનિયા. મારે એ રેસમાં રહેવું છે. ઢીલા થયા તો ફેંકાઈ જઈએ.'

દસ-પંદર દિવસે ફોન આવે. દર વખતે પોતાનાં નવાં નવાં સાહસોની વાત કરે. હું અહીંના સમાચાર કહું, તેમાં એને ઓછો રસ પડે.

અમે બે જણ એકલાં. પણ મેઘા અમારું બહુ ધ્યાન રાખે. પછી તો એણે જગ્યા બદલીને અમારી નજીક નવી જગ્યા લીધી, માત્ર પાંચ મિનિટના અંતરે. બે-ચાર દિવસે ખબર લઈ જાય. સાજે-માંદે તો દિવસમાં ચાર વાર આવી જાય. મારી મેઘા પોતે મા બની. એનો નાનકો મને બહુ વહાલો લાગે. એકાદ વરસનો થયો, પછી તો દિવસ આખો વધારે મારી પાસે જ રહેતો થયો. એય ભારે હોશિયાર, ભારે ચબરાક. મને અતુલ યાદ આવે. અતુલને ફોનમાં હું નાનકાની મીઠી મીઠી વાતો કરું. કહું, 'મામા જેવો જ થવાનો!' પણ મને યાદ નથી એકેય વાર એણે તેમાં જરાક રસ બતાવ્યો હોય તો! એ પોતાની જ વાતો કર્યા કરે.

એમ કરતાં-કરતાં હમણાં દસ વરસે અમેરિકાથી આવ્યો. અમે બધા બહુ ખુશ થયાં. ઘણાં વરસે આવ્યો એટલે એનેય સારું લાગ્યું. શરૂઆતના દિવસો તો એની અમેરિકાની વાતો સાંભળવામાં જ ચાલ્યા ગયા. પણ મેં જોયું કે એણે અમારા વિશે જાણવામાં ઝાઝો રસ ન લીધો. મેઘાના નાનકાને શરૂમાં થોડો રમાડ્યો, પણ પછી એનાથીયે અતડો રહેવા લાગ્યો. હું નાનકાને લાડ કરું, એની રસભરી વાતો કરું, પણ અતુલ મોટે ભાગે મૂંગો જ રહે. ક્યારેક એના મોઢા પર અણગમો વરતાતો, ક્યારેક એના કપાળે કરચલી વળતી મેં જોઈ. અથવા ઊઠીને એ બીજા ઓરડામાં જતો રહેતો.

એક દિવસ એકાએક સ્ફોટ થયો. અમે તેને પાસે બેસાડી કહ્યું, 'બેટા, હવે તારા લગ્નનો વિચાર કરવો પડશે ને!'

'એ તો હું ફોડી લઈશ. પણ દીકરી-જમાઈ ને નાનકામાં ડૂબેલાં તમને મારા માટે વખત ક્યાં છે? નાનકાનાં લાડ, એની જ વાતો, એની જ ખાતરબરદાસ્ત, એની રડારોળ... હું તો તંગ આવી ગયો છું! થાય છે કે કયાંક હોટેલમાં રહેવા ચાલ્યો જાઉં.'

હું તો તાજ્જુબ થઈ ગઈ! મનમાં સમસમી ઊઠી. મેં એને કહી દીધું: 'નાના બાળકનીયે તને ઈર્ષા આવે છે? એય તને હરીફ લાગે છે? બસ, બધે તું જ કેન્દ્રસ્થાને જોઈએ?'

તેવામાં મેઘા નાનકાને લઈને આવી. 'આ રહેતો નથી. બસ, દાદી પાસે જવું છે.' મેં નાનકાને વહાલથી ઊંચકી છાતી સરસો ચાંપ્યો. અતુલ ત્યાંથી ઊઠીને ચાલ્યો ગયો.

'એને સમજાવી-પટાવીને કામ લે! એનો સ્વભાવ તું ક્યાં નથી જાણતી? એ અહીં કેટલું રહેવાનો? પંદર-વીસ દિવસ મેઘા નાનકાને સંભાળી લે...' મારા પતિ મને સમજાવતા રહ્યાં.

પરંતુ હું એકદમ તાડૂકી ઊઠી: 'ના, મારાથી એ નહીં બને. એ ખોટું છે, ખોટું છે, ખોટું છે! અત્યાર સુધી બહુ લાડ કર્યા. એની હોશિયારીનું ગૌરવેય કર્યું. પરંતુ આ હું સહન નહીં કરી શકું. એક નાના બાળકમાં એને પ્રતિસ્પર્ધી દેખાય છે?'

જો કે મનોમન હું મને જ કોસતી રહી. મને થયું, એના આવા સ્વભાવને મારે પહેલેથી જ વારવો જોઈતો હતો. એની સ્વકેન્દ્રીતતામાંથી એને બહાર કાઢવો જોઈતો'તો.

**(ભીના પાટકરની મરાઠી વાર્તાને આધારે, રૂપાંતર: હરિશ્ચન્દ્ર, પુસ્તક: 'વીણેલાં ફૂલ'માંથી, સાભાર: યજ્ઞ પ્રકાશન)**



અમર ભટ્ટ

# સર્જકના નૈતિક અધિકારો

મારું સ્વરબદ્ધ કરેલું એક ગીત કોઈક કાર્યક્રમમાં સાંભળ્યું. સાચું કહું તો સાંભળીને બહુ દુઃખ થયું. મેઘાણી પોતાનું ગીત ‘કોઈનો લાડકવાયો’ (અંગ્રેજી કવિતા ‘Someone’s Darling’નું એમણે કરેલ અનુસર્જન) જુદી રીતે ગવાતું સાંભળીને અનુભવેલી પીડા એમના સંગ્રહ ‘સોના નાવડી’માં આ ગીત નીચે આ નોંધ તરીકે મૂકી છે. (પૃ. ૧૪૫-૧૪૬).

‘મારું ઘણું જ લાડકવાયું ગીત, મારા કંઠના મુકરર સૂરોમાંથી જ ઉદ્‌ભવેલું અને એ જ સૂરો વડે સતત સિંચાયેલું, તેને જ્યારે હું કાલિંગડા અને મરાઠી સાખીના મૂળ સૂરને બદલે ભૈરવીમાં ગવાયેલું સાંભળું છું, ત્યારે મારું પ્રિય સંતાન રિબાતું હોવાની વેદના મને થાય છે.’

મને પણ કંઈક આવી જ પીડા મારા ગીતની વિકૃત પ્રસ્તુતિથી થઈ. મનોજ ખંડેરિયાની એક ગઝલ છે – ‘કનોતાથી ખંડિત થઈ ગયો છું શહેરમાં આવી.’ એમાં એક શેરમાં પ્રથમ પંક્તિ આવી છે – ‘હું બોલું તો મને લાગે કે આ મારા જ શબ્દો છે?’ મેં મારું જ ગીત સાંભળ્યાનો અનુભવ મારા એક મિત્રને વર્ણવવા મનોજભાઈના આ શબ્દો થોડા બદલ્યા –

‘હું સાંભળું તો મને લાગે કે આ મારું જ ગીત છે?’

આ પ્રશ્ન મને કેટલાક મૂળભૂત પ્રશ્નો સુધી લઈ ગયો– શું સર્જકની પરવાનગી વગર સર્જનની રજૂઆત કરવી જોઈએ? શું સર્જક પોતાના સર્જનની બેહૂદી પ્રસ્તુતિ સામે વિરોધ નોંધાવી (ન) શકે? ખાસ કરીને સુગમ કે કાવ્યસંગીતમાં તો આજકાલ સીડી કે રેકોર્ડિંગ સાંભળીને સીધું સ્ટેજ પર ગાવાની પ્રથા છે, પણ કવિના શબ્દ સાથે નિસબત કેળવીને, સ્વરકાર વિદ્યમાન હોય તો શું એની પાસે સ્વરાંકનની ખૂબીઓ જાણીને ગાવું કલાના હિતમાં નથી? આ બધા પ્રશ્નો કાયદાના પ્રશ્નો તો છે જ પણ સાથે સાથે એ સંસ્કારિતા સાથે જોડાયેલા સવાલો પણ છે.

આ પ્રશ્નો મને મારા કોલંબિયા લૉ સ્કૂલના દિવસો યાદ કરાવી ગયા. ‘Intellectual Property Laws’ – ‘બૌદ્ધિક સંપત્તિના કાયદાઓ’ એ વિષયના અમારા પ્રૉ. કર્નાકન કૉપીરાઈટના કાયદામાં ‘સર્જકના નૈતિક અધિકારો’ વિશે બહુ જ રસપ્રદ રીતે વાત કરતાં. એમાંનો એક અધિકાર પોતાનાં સર્જનની વિકૃતિ/ખંડિત પ્રસ્તુતિ સામે વાંધો લેવાનો હક્ક. (અંગ્રેજી શબ્દ ‘કૉપીરાઈટ’નું ગુજરાતી ‘ગ્રંથસ્વામિત્વનો અધિકાર’ એવું છે... પણ એ મને અપૂરતું લાગે છે કારણ કે ‘સર્જક’ની વ્યાખ્યામાં લેખક ઉપરાંત સ્વરકાર, ચિત્રકાર, ફોટોગ્રાફર, શિલ્પકાર વગેરે તમામનો સમાવેશ થાય છે. એટલે સંતોષકારક અનુવાદ ન જડે ત્યાં સુધી કૉપીરાઈટ શબ્દથી ચલાવીએ. જોકે કૉપીરાઈટના કાયદામાં દરેક સર્જક માટે ‘ઑથર’ એવો શબ્દ વપરાયો છે, જેનો શબ્દશઃ અનુવાદ લેખક થાય છે!)

કાયદો અને સંગીત બંને સાથે સંકળાવાનું સદ્‌ભાગ્ય મને મળ્યું છે. એટલે કેટલીક વાતો સાહિત્ય-સંગીત અને કાયદાને સાંકળીએ સર્જકના કૉપીરાઈટના કાયદાની, ખાસ તો નૈતિક અધિકારો વિશે કરવી છે.

કૉપીરાઈટના હક્કોને બૌદ્ધિક સંપત્તિના અધિકાર (Intellectual Property Rights) તરીકે ગણવામાં આવે છે. ઇંગ્લેન્ડમાં શેક્સપિયર, ડિકન્સ ને ટ્રૉલોપના સમયમાં પણ સર્જકો દ્વારા તફડંચીથી પોતાની કૃતિઓને બચાવવાના પ્રયત્નો થઈ રહ્યાં હતા એમ કહેવાય છે. ટ્રૉલોપનું વાક્ય:

‘Take away from the English authors their Copyright and you would take away from England their authors.’

સર્જકના સર્જનને એના દીમાગ ને હૃદયની ઉપજ ગણવામાં આવે છે. બિથોવનની ત્રીજી સિમ્ફનીની સર્જનપ્રક્રિયા ઉપર બીબીસીની ખૂબ સુંદર ફિલ્મ છે—https://youtu.be/mFA_tT8_v-Q એમાં એક પ્રસંગ છે જે કૉપીરાઈટના સંદર્ભમાં ખૂબ પ્રસ્તુત છે. બિથોવનને જ્યારે કોઈકે પૂછ્યું કે, 'Are you the land owner?' તો તેણે આપેલો જવાબ આમ હતો: 'No, I am the brain owner.' એમ કહેવાય છે કે બિથોવનનો ભાઈ માઈકલ વારંવાર એને સંગીત છોડી મિલકત વગેરે વસાવી જીવનમાં સ્થાયી થવા કહ્યા કરતો હતો. માઈકલ પાસે ઘણી જમીનો હતી. એ પોતાના નામની પાછળ Michael Von Beethoven, the Land Owner લખતો. એટલે બિથોવને પોતાના નામની પાછળ Ludwig Von Beethoven, the Brain Owner લખવાનું શરૂ કર્યું. બિથોવને એણે સર્જેલી ત્રીજી સિમ્ફનીના નોટેશન્સ-પાશ્ચાત્ય સંગીતની લિપિ-ઉપર તે સિમ્ફની નેપોલિયનને અર્પણ કરી છે તેમ લખેલું. ત્યારે નેપોલિયન ચૂંટાયેલો પ્રમુખ હતો. જ્યારે બિથોવનને જાણ થઈ કે નેપોલિયને પોતાને રાજા જાહેર કર્યો છે ત્યારે એ અર્પણપત્રવાળી પ્રત ફાડી નાખેલી. બિથોવન રાજાઓને આપખુદશાહી અને નિર્દયી માનતો હતો. આ ફિલ્મમાં આ વાત ખૂબ બારીક રીતે મુકાઈ છે.

ફ્રેંચ ધારાસભ્ય લા શેપિયરે કૉપીરાઈટ માટે કાયદાની હિમાયત કરતાં જાહેર કર્યું હતું કે, 'તમામ મિલકતોમાં સૌથી પવિત્ર, સૌથી વાજબી, સૌથી ઓછી વિવાદાસ્પદ અને સૌથી અંગત-વ્યક્તિગત મિલકત તે લેખકનો પોતે મહેનતથી કરેલ સર્જનનું ફળ-વળતર મેળવવાનો અધિકાર છે.' કૉપીરાઈટના કાયદાના આર્થિક પાસાના પાયામાં આ વિચાર છે. સર્જકના મૃત્યુ પછી ૬૦ વર્ષ સુધી આ અધિકાર રહે છે.

કૉપીરાઈટના હક્કોના રક્ષણ અને સંવર્ધન માટે સ્વિટ્ઝરલૅન્ડના પાટનગર બર્નમાં ૧૮૮૬માં જુદા જુદા દેશોના પ્રતિનિધિઓનું એક સંમેલન યોજાયું હતું અને એમાં કેટલાંક નિર્ણયો લેવાયા હતા. એ સંમેલનમાં સામેલ દરેક સભ્યદેશે પોતાના દેશમાં એ પ્રમાણે કાયદો લાવવાનો હતો. ૧૮૮૬ પછી અવારનવાર આવાં સંમેલનો થયાં. આઝાદી પછી ભારત પણ એમાં સભ્ય છે. બર્ન સંમેલનના આર્ટિકલ 6bisમાં સર્જકના આર્થિક અધિકાર ઉપરાંત એના નૈતિક અધિકારોનો પણ સ્વીકાર છે. આપણો કૉપીરાઈટનો કાયદો ૧૯૫૭નો છે. એની કલમ ૫૭માં સર્જકના કેટલાંક ખાસ અધિકારો તરીકે નૈતિક અધિકારોને સ્થાન અપાયું છે.

નૈતિક અધિકારોનું જન્મસ્થાન ફ્રાન્સ છે. ફ્રેન્ચ ભાષામાં આ હક્કોને droit morale (અંગ્રેજીમાં moral rights) કહે છે. નૈતિક અધિકારોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

૧. કૃતિની સાથે પોતાનું નામ જોડાય તેવો આગ્રહ રાખવાનો હક્ક (Paternity rights કે rights of attribution).
૨. પોતાની કૃતિની વિકૃતિ સ્વરૂપની અભિવ્યક્તિ સામે વાંધો લેવાનો હક્ક (Integrity Rights).
૩. પોતાની કૃતિ પરત ખેંચવાનો હક્ક (Right of withdrawal).

મેં જ્યારે મારું જ ગીત વિકૃત સ્વરૂપે ગવાતું સાંભળ્યું ત્યારે મને ઉપરમાંના બીજા અધિકારનું સ્મરણ થયું.

નૈતિક અધિકારો પાછળ વિચાર એવો છે કે જેમ દરેક દેશની ભૌતિક સંપત્તિ હોય છે તેમ એની સાંસ્કૃતિક સંપત્તિ પણ હોય છે. સર્જક પોતાનાં સર્જનથી આ સંપત્તિમાં વધારો કે ઉમેરો કરે છે અને માટે સર્જકના આર્થિક અધિકારો છે તેમ એના નૈતિક અધિકારો પણ છે. નૈતિક અધિકારોના ખ્યાલ પાછળ વાતનો સ્વીકાર છે કે સર્જકના સર્જનમાં એના હૃદયમાંથી પ્રગટેલું સત્ત્વ કે તત્ત્વ છે, જેનો સંબંધ સર્જકના આત્મા સાથે છે. (ઉમાશંકર જોશીએ કહ્યું છે—કવિતા આત્માની માતૃભાષા છે ને કવિ સ્વર્ગનો જાસૂસ છે.) કોઈ પણ કલાત્મક સર્જન એ કલાકારના વ્યક્તિત્વને ટકાવી રાખવા નૈતિક અધિકારો જરૂરી છે. (ક્રમશઃ)


**(આભાર: વિશ્વકોશ, 'વિશ્વવિહાર')**

SHYAMAL-SAUMIL
the musical odyssey

शीतल

# તને ગીત દઉં કે ગુલાબ

## ગીત-ગઝલની ગુલછડી



ગાયક:
આરતી મુનશી, સૌમિલ મુનશી,
શ્યામલ મુનશી.

સંગીત
શ્યામલ-સૌમિલ

Visit us on:www.shyamalsaumil.com

for downloads log on to hungama MOBILE
/shyamalsaumil YouTube
/shyamalsaumil f

Audio CD Available at all **Music Stores**

**Marketed by : Wonder Waves Ent. Pvt. Ltd.**, 707, Shitiratna, Avinash Vyas Chowk, Panchavati Circle, Ellisbridge, Ahmedabad- 380006.
Contact us: 26561834/35, Visit us at: www.shyamalsaumil.com

# કવયિત્રી રક્ષા શુકલના કાવ્યસંગ્રહ 'આલ્લે લે'નું વિમોચન




હરદ્વાર ગોસ્વામી, મનીષ પાઠક 'શ્વેત', રમેશ ચૌહાણ, તુષાર શુક્લ, પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા, રાજેશ વ્યાસ 'મિસ્કીન', રક્ષા શુક્લ, ડૉ. ફાલ્ગુની ડૉક્ટર

અમદાવાદમાં ૧૩ એપ્રિલના રોજ ઠાકોરભાઈ દેસાઈ હોલ ખાતે શબ્દશ્રી અને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા કવયિત્રી રક્ષા શુકલના કાવ્યસંગ્રહના વિમોચન નિમિત્તે 'આલ્લે લે' કવિસંમેલનનું આયોજન કરવામાં આવ્યું. મંચસ્થ કવિગણની ઉપસ્થિતમાં, અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યાના વરદહસ્તે કાવ્યસંગ્રહ 'આલ્લે લે'નું વિમોચન કરવામાં આવ્યું.

કવિ રાજેશ વ્યાસ 'મિસ્કીન', તુષાર શુક્લ, હિતેન આનંદપરા, રમેશ ચૌહાણ, મનીષ પાઠક'શ્વેત', હરદ્વાર ગોસ્વામીએ કાવ્યસંગ્રહના વિમોચન પ્રસંગે પોતાની સ્વરચિત કવિતાનો પાઠ કર્યો અને સંગીતકાર દીપેશ દેસાઈની સંગતમાં ગાયિકા ડૉ.ફાલ્ગુની શશાંકે કવયિત્રી રક્ષા શુક્લની કવિતાઓ 'હરિ નામનો મારગ', 'તારે રસ્તે મારો રસ્તો મળી ગયો છે, આલ્લેલે', 'વ્હાલપનું વાદળ વરસે'ની પ્રસ્તુતિ કરી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. જયેન્દ્રસિંહ જાદવે કર્યું. આ પ્રસંગે કવિ જયંત ડાંગોદરા, સતીન દેસાઈ, મધૂસુદન પટેલ, અનિલ ચાવડા, જીગર ઠક્કર, રાકેશ પટેલ, પરબતકુમાર નાઈ, કૃણાલ શાહ, વિપુલ પરમાર, ગોપાલી બુચ, પૂર્વી બ્રહ્મભટ્ટ, ભાર્ગવી પંડ્યા તેમજ વિક્રમ પટેલ, નાટ્યકાર જનક દવે, વિપુલ આચાર્ય, નિહારિકા આચાર્ય, મુકુંદ દવે, હર્ષદ બ્રહ્મભટ્ટ, કલાકાર જીતેન્દ્ર ઠક્કર, પ્રોફેસર સોઢા તેમજ કવિતાના ભાવકો અને ચાહકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.




કવિસંમેલનમાં થયેલ રજૂઆત:

પ્રેમમાં થઈ જાય છે દિલદાર આંખો,
વ્હેમમાં થઈ જાય ચોકીદાર આંખો.

— મનીષ પાઠક 'શ્વેત'

રાહ જોતા આંગણા છે, આવજે,
સાવ ખુલ્લા બારણાં છે, આવજે.

— હરદ્વાર ગોસ્વામી

એક કૉલમ જેટલા સુખનો ગુનો કીધો અમે,
તેં ચડાવી રોજ છાપે, આટલી દાદાગીરી.

— રક્ષા શુક્લ

શ્વાસની જેમ જ સતત એને શ્વસી છે,
મેં ભજનની જેમ ગુજરાતી ભજી છે.

— રમેશ ચૌહાણ

શબ્દ ગીતાના સ્તરે પ્હોંચી જશે,
દેહ આખો શ્યામમય છે, લે કલમ.

— હિતેન આનંદપરા

વેકેશન માણીને પાછી હું જાઉં,
મધમીઠી યાદ થકી મનમાં મલકાઉં,
આંખોમાં આંસુ એમ લાવવાનું નહીં,
પપ્પા, મને મુકવા તમારે આવવાનું નહીં.


— તુષાર શુક્લ

કાચો છું તો સમજણ આપ,
કાં તો પાછું બચપણ આપ.

— રાજેશ વ્યાસ 'મિસ્કીન'

# ભગવાન શ્રીવિષ્ણુના ૨૪ અવતારોની બાળહસ્તે સર્જાયેલી ચિત્રગાથા



કૌશિક પટેલ 'માલવણિયા'ના માર્ગદર્શન હેઠળ તારીખ ૨૪ થી ૨૮મી એપ્રિલ દરમિયાન વિષ્ણુ અવતાર-દર્શનમ ૧૪મું બાલચિત્ર પ્રદર્શન ૨૦૧૯ યોજાઈ ગયું. અમદાવાદની ગુફા ખાતે યોજાયેલ આ પ્રદર્શનયાત્રાની શરૂઆત ખ્યાતનામ ચિત્રકાર અને અભિનેતા કનુ પટેલ દ્વારા કરવામાં આવી. પદ્મશ્રી લોકકલાવિદ જોરાવરસિંહ જાદવના હસ્તે દીપ પ્રાગટ્ય કરી ચિત્રપ્રદર્શનની શરૂઆત થઈ.





આ યાત્રાના સંભારણારૂપ કલાસંપૂટ ભગવાન વિષ્ણુના ૨૪ અવતાર કથાવાર્તાનું સચિત્ર પુસ્તક 'વિષ્ણુ-અવતાર-દર્શનમ'નું વિમોચન ભાવનગરના લોકમાનીતા છબીકાર અમૂલ પરમારના હસ્તે કરાયું હતું. જ્યારે સંસ્થાના વાર્ષિક અહેવાલ 'કલાકલરવ'નું વિમોચન ચિત્રકાર જય પંચોલીએ કરી બાળકોની કૃતિઓને બિરદાવી હતી.



'ક્રિષ્ણા કલા કલમ'ના ૯થી ૨૧ વર્ષના ૨૦ ચિત્રકારોએ પોતાના આગવા દૃષ્ટિકોણથી શ્રી વિષ્ણુના ૨૪ અવતારોની કથાઓને ૯૬ ચિત્રોમાં રજૂ કરી હતી. વિવિધ અવતાર કથાઓ જેવી કે ગંગા કિનારે ભાગવત કથા કરતા સનકાદિમુની, પૃથ્વીને રસાતળમાંથી ઉગારતા વરાહ ભગવાન, વાનરમુખી નારદમુનિ, તપ કરતા નર-નારયણ ભગવાન, કપિલ ભગવાન, પુત્રોને ઉપદેશ આપતા ઋષભદેવ, હિરણ્યકશિપુ, હયગ્રીવ અવતાર, ગજેન્દ્ર મોક્ષ, ગણેશ-પરશુરામ યુદ્ધ, બુદ્ધ અને કલ્કિ વગેરે અવતારોના નયનરમ્ય ચિત્રો કલારસિકોની ખૂબ દાદ મેળવી ગયા.




કૌશિક પટેલ 'માલવણિયા' છેલ્લા ૨૫ વર્ષથી બાળચિત્રકારોને ચિત્રકલાની તાલીમ આપવાનું કામ કરી રહ્યા છે.



સુંદર ચિત્રોના બાળસર્જક આધ્યા શાહ, આહાન દિવાનજી, આકાંક્ષા ગાંધી, આર્યન મહેતા, આશ્ની ઠાકોર,

આયાન દિવાનજી, ભાવિશા ગાંધી, દૈવિક પટેલ, ધ્રુવમ પંચાલ, ઈશા મજીઠિયા, કાવ્યા ઝવેરી, ક્રિયાંશી પટેલ, નિર્મલ સિંગરખિયા, નિત્ય ઝવેરી, રિયા ચાંદીવાલા, શૈલજા શાહ, શ્રીયા પટેલ, સોનાલી પટેલ, ઉર્મિલા મકવાણા અને ઝાહી પટેલને પ્રોત્સાહિત કરવા બિરદાવવા મોટી સંખ્યામાં કલાપ્રિયજનો ઉમટી પડ્યા હતા. નગરના વેપારીઓ, ચિત્રકારો, સાહિત્યકારો અને સંગીતપ્રેમીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.











વિનોદ જોશી

# મસ્તીપૂર્ણ મોજનો મહિમા



**ઓચિંતું કોઈ મને રસ્તે મળે ને**
**કદી ધીરેથી પૂછે કે કેમ છે,**
**આપણે તો કહીએ કે દરિયા શી મોજમાં**
**ને ઉપરથી કુદરતની રહેમ છે....**

**આંખોમાં પાણી તો આવે ને જાય**
**નથી ભીતર ભીનાશ થતી ઓછી,**
**વધઘટનો કાંઠાઓ રાખે હિસાબ**
**નથી પરવા સમંદરને હોતી;**

**સૂરજ તો ઊગે ને આથમીએ જાય**
**મારી ઉપર આકાશ એમનેમ છે...**
**ફાટેલા ખિસ્સાની આડમાં મૂકી છે**
**અમે છલકાતી મલકાતી મોજ,**

**એકલો ઊભું ને તોય મેળામાં હોઉં**
**એવું લાગ્યા કરે છે મને રોજ;**
**તાળું વસાય નહીં એવડી પટારીમાં**
**આપણો ખજાનો હેમખેમ છે...**

**— ધ્રુવ ભટ્ટ**

કેટલીકવાર સાવ સાદી ભાષામાં પણ જીવનનું વિશિષ્ટ કહેવાય તેવું દર્શન કવિતા દ્વારા સાંપડતું હોય છે. કોઈ પ્રયુક્તિઓના ભાર વિના આવી વાત સહેલાઈથી આપણે ગળે ઊતારી દેવાનો કીમિયો બહુ ઓછા કવિઓને હસ્તગત હોય છે. ધ્રુવ ભટ્ટનું આ કાવ્ય વાંચતાં કોઈને પણ એમ લાગશે કે જીવનને મસ્તીથી માણવાનો મનસૂબો કોઈપણ પરિસ્થિતિમાં કેવો તો પાર પાડી શકે તેનું સરળ છતાં સૂક્ષ્મ ગાન કવિએ અહીં કર્યું છે.

કાવ્યની શરૂઆત વાતચીતથી થાય છે. કવિએ એક શ્રોતા સમક્ષ જાણે પોતાના દિલની વાત માંડી હોય તેમ કહી દીધું કે કેમ છે એ પ્રશ્નનો ઉત્તર શો હોય. રસ્તા પર કોઈ ઓચિંતુ મળી જાય અને તે મળી જનાર ધીરેથી પૂછે એટલી ઓળખ એ પ્રાશ્નિક વિશે કેટલીક વાતોને સ્પષ્ટ કરી જાય છે. જેના મળવાની કોઈ અભિલાષા ન હોય તેનું મળવું અને તે પણ અચાનક એ પ્રક્રિયા જ રોમાંચકારી છે. વિશેષમાં એ

વાત કરે છે કે તે ધીમેકથી કરે છે. વળી એ વાતમાં 'કેમ છે?' એવો પ્રશ્ન છે, ત્યારે આ આખોયે મામલો કોઈ આત્મીયતાને ઊંબરે આવીને ઊભો રહે છે.

અને કવિ આ પ્રશ્નનો જવાબ એવી જ આત્મીયતાથી આપતાં પોતાની મોજ દરિયા જેવી અને ઉપરથી કુદરતના આશીર્વાદ એવી સ્થિતિનો હવાલો આપે છે. દરિયાને અંકુશમાં રાખવો શક્ય નથી, છતાં દરિયાને તેની પોતાની શિસ્ત છે. તેના ભરતી-ઓટનું ગણિત કદી ખોટું પડતું નથી, છતાં તેના મોજાનો ઉછાળ જે મુક્તિ અનુભવે છે તેવી મુક્તિ બીજે ક્યાંય નથી. એટલે જ કવિએ પોતાને આનંદને દરિયા સાથે જોડી દીધો છે.

> દરિયાને અંકુશમાં રાખવો શક્ય નથી, છતાં દરિયાને તેની પોતાની શિસ્ત છે. તેના ભરતી-ઓટનું ગણિત કદી ખોટું પડતું નથી, છતાં તેના મોજાનો ઉછાળ જે મુક્તિ અનુભવે છે તેવી મુક્તિ બીજે ક્યાંય નથી.

હવે એ સ્પષ્ટ છે કે જીવનને સતત મોજથી જ માણતાં રહેવાનું કવિનું વલણ છે, પણ દરેક વખતે તે માટે પરિસ્થિતિઓ એક સરખી હોતી નથી. કવિ આંખોમાં આવતાં અને જતાં પાણી એમ કહીને આંસુનો લાક્ષણિક સંદર્ભ આપીને સુખ અને દુ:ખની આવનજાવનને સરસ રીતે તાકે છે, પણ ઉમેરે છે કે ભીતરની ભિનાશ લગીરે ઓછી થતી નથી. કાંઠે આવીને વિખરાઈ જતાં મોજાઓનો હિસાબ કાંઠાઓ રાખે તો રાખે, પણ દરિયાને તેની કશી પરવા હોય નહીં. દરિયાનું કામ તો મોજથી છલકાવાનું છે. કવિએ પ્રારંભથી જ દરિયા સાથે પોતાના આનંદનો જે સંદર્ભ જોડી દીધો તે અહીં વધુ વિસ્તાર પામે છે. સતત બેહિસાબ ઘુઘવતા રહી પોતાના સમગ્ર અસ્તિત્વને છેક કાંઠા લગી પ્રસરાવતા રહેવાની ફાળ દરિયાના મોજામાં જ હોય અને એવું કંઈક પોતાને અનુભવાય છે તેનો હિસાબ આ પંક્તિઓ આપી રહે છે.

હવે કવિ દરિયા પરથી નજર સેરવતા જઈ છેક ક્ષિતિજ સુધી વિસ્તારે છે અને ત્યાં દેખાતા ઊગતા કે આથમતા સૂરજને જોતાં જ એક તારતમ્ય સુધી પહોંચી જાય છે. કહે છે કે સૂરજ તો ઊગે ને આથમે પણ આકાશ તો એમનું એમ અવિચળ હોય છે. જીવનમાં નિરંતર આવતી ને જતી અનેક પ્રકારની અનુભવસૃષ્ટિને કવિ અત્યંત સહજભાવે લે છે અને પોતાને તો નિરપેક્ષ કે કશું લાગતુંવળગતું જ ન હોય તેવી તટસ્થતાથી ફરી નવાનકોર સ્વરૂપે નિહાળી રહે છે.

મૂડી તો શી હોય? જેના ખિસ્સા જ ફાટેલાં હોય તેની પાસેથી એ અપેક્ષા રાખવી વધારે પડતી છે, પણ કવિ એમ કંઈ પોતાની જાતને નીચી પડવા દે તેમ નથી. લગીરે ગરીબ કે કંગાળ નહીં હોવાનો તર્ક આપીને કવિ પોતાની તવંગરતા સાબિત કરી આપે છે. કહે છે કે જે કંઈ મૂડી છે તે આ મોજની જ મૂડી છે. એ કદીયે વાપરવાથી ખૂટતી નથી. એ સદા સંવર્ધિત જ થયા કરે છે. આ મોજ પોતાની એકાકી મસ્તીની છે. એકલા રહીને પણ જાણે મેળાનો અનુભવ કરતા હોય તેવી જાત સાથેની સાહ્યબી છે. એવું નથી કે એકલો માણસ એકલો જ હોય છે મેળામાં હોય તે માણસ ઘેરાયેલો જ હોય. કવિ હરીન્દ્ર દવેના એક કાવ્યની પંક્તિ છે:

**મેળો આપો તો એક માનવીની સંગ,**
**અને એકલતા આપો તો ટોળે.**

મેળો અને એકલતા સાપેક્ષ બાબતો છે. ક્યારેક એક જ વ્યક્તિ મેળાનો અનુભવ કરાવે છે અને ક્યારેક સમૂહની વચ્ચે હોઈએ તો પણ એકલા જ હોવાનો અનુભવ થાય છે




તે આપણે જાણીએ છીએ. કવિએ તો અહીં પ્રતીતિપૂર્વક કહી દીધું છે કે પોતે રોજ રોજ એકલાં છતાં જાણે મેળામાં હોવાનો અનુભવ માણે છે.

આમ બને છે તેનું કારણ એ છે કે કવિનો સઘળો વૈભવ સાર્વત્રિક છે. એ કશા પર કવિએ પોતાની સત્તા વિસ્તારી નથી. કોઈ સકંજો ફેલાવ્યો નથી. જે કંઈ છે તે પોતાનું છે એટલું જ સહુનું છે. કવિ કહે છે તો એમ કે આ વૈભવ એમનો પોતાનો છે પણ તેને પોતે તાળુ દીધું નથી એવી જાહેરાત જ એ સામગ્રી પર સહુ કોઈનો અધિકાર સ્થાપી દે છે.

અહીં 'પટારી' શબ્દ બહુ લાક્ષણિક રીતે વપરાયો છે. આ શબ્દ ખુદ તેનું નાનકડું માપ સૂચવે છે. જે કાંઈ જરૂરી છે તે કેવળ આટલું ઓછું હોય તો પણ પર્યાપ્ત હોય તેવો સંતોષ અહીં વગર કહ્યે છલકાય છે. આ પટારીમાં જે ખજાનો ભર્યો છે તે હેમખેમ હોવાનું નિવેદન જાણે આ સંતુષ્ટિમાંથી જ પ્રગટે છે તેમ કહી શકાશે.

નિસર્ગનાં ખોળે સાંપડતા આનંદને ફૂટપટ્ટીથી માપીને તેના લેખાંજોખાં માંડવાનો કોઈ પ્રપંચ કવિને પરવડતો નથી. એમને તો કુદરતની રહેમ તળે જે કંઈ સાંપડ્યું છે તેને લૂંટવું અને લૂંટાવવું એ જ જાણે જીવન કર્તવ્ય છે. દરિયાના કાંઠાનું માપ નીકળે, પણ મોજાંનો આકાર નક્કી કરવો મુશ્કેલ છે. એને તો એની મસ્તીમાં જ અવલોકી શકાય. અહીં કવિ જાણે એ મસ્તીનો જ પર્યાય બનતા હોય તેમ કાંઠાનાં હિસાબો પરહરીને મોજનો જ મહિમા કરે છે.

# 'શબ્દજ્યોતિ' શીર્ષક હેઠળ માધવ રામાનુજનો ૭૫મો જન્મદિન ઉજવાયો






ઓમ કૉમ્યુનિકેશન દ્વારા, વાર્તાકાર સંજય ચૌધરી અને સાહિત્યપ્રેમી મુકુંદ દવેના સહયોગથી, તારીખ ૨૨ એપ્રિલના રોજ અમદાવાદ ખાતે, કવિ, નાટ્યકાર, નવલકથાકાર માધવ રામાનુજના ૭૫-મા જન્મદિનપ્રસંગે 'શબ્દજયોતિ' શીર્ષક હેઠળ સાહિત્યસફર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં માધવ રામાનુજે પોતાનાં જીવન-કવન વિશે વક્તવ્ય આપ્યું અને પોતાની જાણીતી કવિતાઓનો પાઠ કર્યો. ગાયક વિપુલ આચાર્યે 'એકવાર યમુનામાં...' ગીતની સંગીતમય પ્રસ્તુતિ કરી હતી. આ પ્રસંગે સાહિત્યકારો જ્ઞાનપીઠ પુરસ્કૃત સર્જક રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત શેઠ, રતિલાલ બોરીસાગર, સતીશ વ્યાસ, વિજય પંડ્યા, ભાગ્યેશ જહા, વસુબેન ભટ્ટ, યોગેશ જોશી, રજનીકુમાર પંડ્યા, પ્રશાંત કેદાર જાધવ, દૃષ્ટિ પટેલ, હરિકૃષ્ણ પાઠક, જનક દવે, જોરાવરસિંહ જાદવ, રજની દવે, ચેતન શુક્લ 'ચેનમ', લતા હિરાણી તેમજ નમ્રતા શોધન, ભિખેશ ભટ્ટ, નિહારિકા આચાર્ય, સંજય વૈદ્ય, ઝવેરીલાલ મહેતા, એઝાજ સૈયદ, ધર્મેન્દ્ર પંડ્યા સુદામા, માધવી પંડ્યા, ડૉ. વિનીત મિશ્રા, સુનિતા ચૌધરી, મનુભાઈ શાહ, વિક્રમ પટેલ, હેમંત નાણાવટી, અરવિંદ બારોટ, કિશોર જોશી, ભૂપેન્દ્ર રાવલ, વીરેન્દ્ર રાવલ, કૃપા ત્રિવેદી, કિશોર ગૌડ, કે. એસ. પંચોલી,

મહેશ ડાભી અને શહેરના સાહિત્યપ્રેમીઓ, સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યાં હતાં. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત' એ કર્યું.





સાહિત્યકાર માધવ રામાનુજે પોતાના વક્તવ્યમાં જણાવ્યું કે 'અઢળક વાંચન એ મારા જીવનનું અગત્યનું પાસું છે, પ્રકાશ ન. શાહ અને રઘુવીર ચૌધરીના સંનિષ્ઠ પ્રયાસ દ્વારા જ હું સી.એન.માં અધ્યાપક થયો, એક કવિતા ૧૯૬૮માં રઘુવીર ચૌધરીને બતાવી એ પછી આજ સુધી મેં કવિતા કોઈને બતાવી નથી, પ્રમુખ સ્વામીના ૭૫ વર્ષની ઉજવણીના ભાગરૂપે 'અક્ષરનું અમૃત' નાટક લખ્યું, સુરેશ દલાલ મારો કાવ્યસંગ્રહ પ્રકટ કરવા માંગતા હતા પણ મારી પાસે એટલી કવિતાઓ નહોતી, એમના આગ્રહને કારણ તાબડતોબ બેસીને ૨૦ દિવસમાં કવિતાઓ લખી જે કાવ્યસંગ્રહ 'અનહદનું એકાંત' નામે પ્રકટ થયો.





# શિવરંજની, ભરૂચ દ્વારા કાર્યક્રમ 'ગઝલ મારા શહેરમાં' યોજાયો




શનિવાર, ૧૩ એપ્રિલના રોજ ભરૂચને આંગણે, શિવરંજની દ્વારા 'ગઝલ મારા શહેરમાં'નો અનોખો કાર્યક્રમ યોજાઈ ગયો, જેમાં કવિ-ગઝલકાર ડૉ. જવાહર બક્ષીએ તેમની આગવી છટામાં ગઝલોનું પઠન કરી ગઝલ સર્જન પ્રક્રિયાની સમજ આપી, આધ્યાત્મિકતા સુધી લઈ જઈ મહેફિલને ચાર ચાંદ લગાવી દીધા. ગઝલના સ્વરૂપને વિસ્તારવા તેમણે તળપદી કાવ્યપ્રકારો જેવા કે દુહા, કુંડળી, છપ્પા, ગીત, ગરબા, ભજન તથા આખ્યાન, ગઝલોમાં રે લોલ, જી સાથે રંગતાળી જેવા રદીફો પ્રયોજી નોખી ભાત પાડી.

સાતસો ઉપરાંત ગઝલ આપનાર જવાહરભાઈની કેટલીક અલગ મિજાજની ગઝલ 'ટોળાની શૂન્યતા' અને 'તારાપણાના શહેરમાં'નો જ્યારે મર્મ, સમજ આપી ઉઘાડ કરવામાં આવ્યો ત્યારે શ્રોતાઓ મંત્રમુગ્ધ થઈ ગયા અને સમગ્ર રજૂઆત ખૂબ માણી.

કાર્યક્રમની શરૂઆત ગાયક કિરાત અંતાણીએ, જવાહરભાઈની, ઉમદા સ્વરાંકન થયેલ ગઝલ ગાયન કરી, અજબ સમા બાંધી દીધો હતો. કિરાત અંતાણીએ તેના સૂરીલા કંઠે 'ચાલ્યા જતા પ્રસંગોની એકાદ ક્ષણ રહે' અને ત્યાર બાદ 'ટોળાની શૂન્યતા' રજૂ કરી ગઝલને સંપૂર્ણ ન્યાય આપ્યો અને શ્રોતાઓની ખૂબ દાદ મેળવી. અંતમાં, કિરાત અંતાણીએ જવાહરભાઈની ખૂબ જ લોકપ્રિય ગઝલ 'તારા પણાના શહેરમાં' પોતાની કળાનો પરિચય આપી ઉત્કૃષ્ટ રજૂઆત કરી અને ખુદ ગઝલકારની પણ પ્રશંસા મેળવી, હાર્મોનિયમ સંગત જનક શેઠ તથા તબલા સંગત નયન છતરીવાલા દ્વારા કરવામાં આવી હતી. રોટરી કલબનો હૉલ ભરૂચ-અંકલેશ્વરના ગઝલચાહકોથી ખીચોખીચ ભરાયેલ હતો અને સર્વે શ્રોતાઓએ શિવરંજનીના આ સુંદર પ્રયાસને બિરદાવ્યો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રીમતી માતંગી ઓઝાએ કર્યું હતું.

# ઇમેજ પબ્લિકેશન્સના ઉપક્રમે 'મારા શત્રુ' પુસ્તકનું વિમોચન કરાયું





ઇમેજ પબ્લિકેશન્સના ઉપક્રમે એશિયન સ્ટારના દિનેશભાઈ શાહ-અરવિંદભાઈ શાહ તથા વિપુલ શાહના સહયોગથી આયોજિત **'મારા શત્રુ'** પુસ્તકનું વિમોચન તાજેતરમાં ભારતીય વિદ્યાભવન મુંબઈ ખાતે સંપન્ન થયું. પુસ્તકનું સંપાદન ઉત્પલ ભાયાણી, હિતેન આનંદપરા અને અપૂર્વ આશરે કર્યું છે. વિષય શત્રુનો હતો પણ માહોલ મૈત્રીપૂર્ણ હતો! શાહબુદ્દીન રાઠોડ અને કાજલ ઓઝા વૈદ્યના મર્મપૂર્ણ વક્તવ્યનો અનહદ આનંદ શ્રોતાઓ સહિત તખ્તાએ પણ માણ્યો.

મધ્યાંતર બાદ સંજય ગોરડિયાએ પ્રસ્તુત કરેલા લેખમાં એમની સાહજિકતા છલોછલ છલકાતી હતી. ત્યારબાદ અક્ષય અંતાણી તથા રતિલાલ બોરીસાગરના લેખો પર આધારિત નાટક 'કૉન્ફરન્સ' ભજવાયું.

દિગ્દર્શક પ્રીતેશ સોઢાએ આ નાટક તૈયાર કર્યું. નવી પેઢીની નવી પ્રતિભારૂપે સિદ્ધાર્થ શાહે નાટ્યાંતર કરવા ઉપરાંત સરસ અભિનય પણ કર્યો હતો. 'રેવા' ફિલ્મથી અનેક ઝળહળતી સફળતા હાંસલ કરનાર પરેશ વોરા અને સાથે એવરગ્રીન ઉત્કર્ષ મઝુમદારના અભિનયથી મૂળ લેખકોએ આલેખેલા બે શત્રુ આબાદ ઉપસી આવ્યા: કબજિયાત અને એબસન્ટ માઈન્ડેડનેસ. સંપાદનની સાથેસાથે કાર્યક્રમનું સંચાલન કવિ હિતેન આનંદપરાએ સુપેરે કર્યું હતું.

# 'સ્વરોત્સવ'થી સજ્યું રજવાડું





સ્વરોત્સવ ફાઉન્ડેશનના ઉપક્રમે અમદાવાદના રજવાડું ખાતે સતત ત્રીજા વર્ષે ગુલમ્હોરી સાંજનો મિજાજ 'સ્વરોત્સવ' સાંસ્કૃતિક ઉત્સવ ઉજવાઈ ગયો. તારીખ ૨૬ થી ૨૮ એપ્રિલ સુધી યોજાયેલા કાર્યક્રમનો શુભારંભ જાણીતા ગીતકાર ગુલાઝારજીના હસ્તે થયો હતો અને તેમના દ્વારા જ અંકિત ત્રિવેદીના ત્રીજા કાવ્યસંગ્રહ 'કવિતાપૂર્વક'નું વિમોચન કરવામાં આવ્યું હતું. 'ચૈતર વૈશાખના વાયરા..' શીર્ષક હેઠળ પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય અને ગૌરાંગ વ્યાસ સાથે નયન પંચોલી, વિરાજ ઉપાધ્યાય, કલ્યાણી કૌઠાળકર, ગાર્ગી વોરા, હિમાલી વ્યાસ નાયક, પ્રહર વોરા, રાગ મેહતા અને મૃદુલા દેસાઈએ ગીતોની યાદગાર પ્રસ્તુતિ કરી હતી. કાર્યક્રમનું સંચાલન કવિ અંકિત ત્રિવેદીએ કર્યું હતું. જ્યારે 'લઈને આવે લાગણીનો મેળો' શીર્ષક હેઠળ ભૂમિ ત્રિવેદી અને જીગરદાન ગઢવીએ દમદાર પ્રસ્તુતિ આપી હતી.



કાર્યક્રમના દ્વિતીય દિવસે 'બે જણા દિલથી મળે' (સંગીતનું સૂત્ર, પિતા અને પુત્ર) શીર્ષક હેઠળ પાર્થ ઓઝા-સંજય ઓઝા, આદિત્ય ગઢવી-યોગેશ ગઢવીએ જુગલબંદી રજૂ કરી હતી.




સંગીતકાર-ગાયક શ્યામલ-સૌમિલ મુનશી અને આરતી મુનશી દ્વારા સ્વરસેતુના 'સદીનાં સુરીલાં સંભારણાં' શીર્ષક હેઠળ તેમની સુરીલી યાત્રાનો ઊજળો હિસાબ..લાજવાબ રીતે રજૂ કર્યો હતો. કાર્યક્રમના અંતિમ ચરણમાં 'અમે ગુજરાતી લ્હેરીલાલા'માં કિંજલ દવેએ ગીતોની ધમાકેદાર રજૂઆત કરી હતી. કાર્યક્રમનું સંચાલન ચિંતન નાયકે કર્યું હતું.




કાર્યક્રમના અંતિમ દિવસે 'તમને ફૂલ દીધાનું યાદ'માં 'લાગણીયાત્રા' હેઠળ કાજલ ઓઝા વૈદ્ય, જય વસાવડા અને અંકિત ત્રિવેદીએ શબ્દના સથવારે પોતાના વિચારો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન સુભાષ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. છેલ્લા ચરણમાં 'યશ કીર્તિ ગુજરાત'માં લોકરંગે રાતમાં કીર્તીદાન ગઢવીએ હિન્દી અને ગુજરાતી ગીતોની પ્રસ્તુતિ કરી હતી. અમદાવાદ તથા ગુજરાતના કલાપ્રેમીઓએ કાર્યક્રમને ભરપુર માણ્યો હતો.



# ગાયિકા હેમા દેસાઈની 'સ્વર-સખી'નો ૨૧માં વર્ષમાં પ્રવેશ





છેલ્લાં ૨૦ વર્ષથી ગુજરાતી સુગમસંગીતના વર્ગો ચલાવી રહેલા જાણીતા ગાયિકા હેમા દેસાઈને ૨૧મા વર્ષમાં પદાર્પણ કર્યાનો આનંદ, ઉલ્લાસ ઉજવવો હતો, લગભગ ૪૫ જેટલા બહેનો અને ભાઈઓએ જે તાલીમ મેળવી હતી એની ફલશ્રુતિ રૂપે આ સ્વર-સખી-૨૧નું સફળ આયોજન તારીખ ૧૩મી એપ્રિલે, મુંબઈની ભારતીય વિદ્યાભવન (ચોપાટી) ખાતે થયું. જેમાં સોલો, ડ્યુએટ, ટ્રાયો અને કોરસમાં ગીતો રજૂ થયા. વિવિધ કવિઓ અને સ્વરકારોના સ્વરાંકનોની રજૂઆત કરવામાં આવી. પંડિત રવિશંકર, પુરુષોત્તમ ઉપાધ્યાય, ક્ષેમુ દિવેટીઆ, ગૌરાંગ વ્યાસ, આશિત દેસાઈ, અજય-અતુલ, નવીન શાહ, ચંદુ મટ્ટાણી અને આલાપ દેસાઈ મુખ્યત્વે હતા.

હેમા દેસાઈ કવિતાના તત્વની સમજણ સાથે સેમી-ક્લાસીકલ અને સુગમ-સંગીતના સ્વરાંકનોના ગીતો જેવા કે ગીત-ગઝલ-ભજન અને ગરબા વગેરે શીખવે છે.





જેમાંથી લગભગ ૧૦ જેટલી બહેનો પ્રોફેશનલી પરફોર્મન્સ પણ આપી રહ્યા છે. સ્ટેજ પર માઈક સાથે માતબર શ્રોતાઓની સામે ગાવા માટે કોન્ફિડન્સ કેળવાય એ માટે વારંવાર આવા કાર્યક્રમોનું આયોજન હેમા દેસાઈ દ્વારા કરવામાં આવે છે.

હેમા દેસાઈને સંગીત-વિશારદમાં ગોલ્ડ-મેડલ મળ્યો છે અને SNDT યુનિવર્સિટી (ભાવનગર)થી BA વીથ મ્યુઝિક કર્યું છે. જ્યાં શ્રી રસિકલાલ અંધારિયા અને શ્રી વિઠ્ઠલદાસ બાપોદરા પાસે સંગીતની તાલિમ લીધેલી છે. હેમા દેસાઈ સંગીત વર્ગોની તાલીમ ઉપરાંત સ્ટેજ-શોઝમાં કાર્યરત રહે છે.

Swarsetu eBook availble at : www.e-shabda.com

CYGNET GROUP

indian-ebooks

# સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટનું લવાજમ ભરી. સૂર શબ્દની સાથે જોડાવ...

- તમે એક પણ અંક ચૂકી ન જાવ તે માટે આજે જ લવાજમ ભરો.
- વાર્ષિક લવાજમ ભરી ૩૫%થી વધુ વળતર મેળવો.
- લવાજમ ભરી આપની કોપી આપના ઘેર સુવિધાપૂર્વક મેળવો.




વૈશ્વિક ગુજરાતી સમાજ સાથે સૂરીલો સાંસ્કૃતિક સંપર્ક

સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ








સ્વરસેતુ ન્યૂઝ ડાયજેસ્ટ
૭૦૭, શીતિરત્ન, અવિનાશ વ્યાસ ચોક, (પંચવટી), એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬, ટેલિફેક્સ : (૦૭૯) ૨૬૫૬૧૮૩૪-૩૫
Email : swarsetu123@gmail.com | મો. 9978905288


| એક વર્ષનું લવાજમ : | બે વર્ષનું લવાજમ : | ત્રણ વર્ષનું લવાજમ : |
|---|---|---|
| ₹૪૦૦ (૧૨ અંક) | ₹૭૫૦ (૨૪ અંક) | ₹૧૧૦૦(૩૬ અંક) |

## આટલી વિગત ભરી ઘરે મંગાવો સ્વરસેતુ

હું..................................................................સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટના એક વર્ષ / બે વર્ષ / ત્રણ વર્ષ લવાજમ પેટે ₹........................મોકલી આપુ છું,

નામ :-..........................................................................................................................

સરનામું :-........................................................................................................................


..................................................................................................................................

ટેલિફોન નંબર :-.............................................મોબાઈલ નંબર :-.......................................ઈ-મેઈલ :-..............................................

ચેક/ડી.ડી નંબર :-............................................બેંક :-..........................................................................તારીખ :-..........................

લવાજમની રકમ રોકડથી, ચેક, બેંક ટ્રાન્સફર, Paytm, મનીઓર્ડર કે ડ્રાફ્ટ દ્વારા જ મોકલવી.
મનીઓર્ડર ચેક કે ડ્રાફ્ટ WONDER WAVES ENTERTAINMENT PVT. LTD.ના નામે લખવો.

સ્વરસેતુ ન્યૂઝડાયજેસ્ટ મેગેઝીનનું લવાજમ તમે તમારા મિત્રો, સગા, સ્નેહીઓને ભેટ પણ કરી શકો છો, આ માટે અમને અલગથી સૂચના આપવી.


SHYAMAL-SAUMIL
the musical odyssey
શ્યામલ–સૌમિલ મુનશી પ્રસ્તુત
હૃદયસ્પર્શી અને ચોટદાર ગઝલોની સોગાત
રજૂઆત
ગુજરાતી ગઝલ આલબમ
TOUCHING TUNES
music for all forever
Audio CD Available at all Music Stores.
સંપર્ક કરોઃ
Marketed by: Wonder Waves Entertainment Pvt. Ltd.
707, Shitiratna, Avinash Vyas Chowk, Panchwati Circle, Ellisbridge, Ahmedabad-380006.
Contact us: 26561834/35 visit us at: www.shyamalsaumil.com
સંગીત અને ગાયક
શ્યામલ-સૌમિલ

# ‘ચં.ચી.મહેતા’ના ૧૧૯મા જન્મદિનપ્રસંગે ‘પ્રેમનું મોતી’ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું






અમદાવાદના આત્મા હોલ ખાતે તારીખ ૬ એપ્રિલના રોજ, ઓમ કૉમ્યુનિકેશન અને ગુજરાત સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે, કવિ, નાટ્યકાર, આત્મકથાકાર, વિવેચક, પ્રવાસલેખક ચંદ્રવદન ચીમનલાલ મહેતા ‘ચં.ચી.મહેતા’ના ૧૧૯મા જન્મદિનપ્રસંગે ‘પ્રેમનું મોતી’ સાહિત્યિક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું.

ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ ભૂમિકા રજૂ કરી. ચં. ચી. મહેતાના જીવન વિશે, સાહિત્યકાર હસુ યાજ્ઞિકે અને ચં. ચી. મહેતાના નાટકો વિશે, નાટ્યકાર શૈલેશ ટેવાણીએ વક્તવ્ય આપ્યું હતું. તેમજ ચં. ચી. મહેતાની આત્મકથા ‘ગઠરિયાં’ વિશે અજય રાવલે વક્તવ્ય આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક ‘શ્વેત’એ કર્યું હતું.


પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા

આ પ્રસંગને માણવા સાહિત્યકારો સતીશ વ્યાસ, યોસેફ મેકવાન, જનક દવે, રંજના હરીશ, હરીશ દ્વિવેદી, નરેશ ફીટર, જયન્ત ડાંગોદરા, હરદ્વાર ગોસ્વામી, સુધા ભટ્ટ તેમજ પ્રશાંત બારોટ, પ્રવીણ પટેલ, મુકુંદ દવે, હર્ષદ બ્રહ્મભટ્ટ, ફાધર વર્ગીસ પોલ, વિપુલ આચાર્ય જેવા સાહિત્યપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતાં.



અકાદમીના અધ્યક્ષ વિષ્ણુ પંડ્યાએ કહ્યું કે 'ચં. ચી. તો કટાક્ષના માણસ હતાં, વ્યંગના માણસ હતાં, તે વૈશ્વિક ગુજરાતી હતાં. સાબરમતી આશ્રમમાં ચાલતાં લાઇટિંગ શૉનું સ્ક્રીપ્ટલેખન ચં. ચી. મહેતાએ કરેલું.'

સાહિત્યકાર હસુ યાજ્ઞિકે જણાવ્યું કે 'ચં. ચી. મહેતા એ નેચરલ મોતી છે, તેઓ સ્વયં યુનિવર્સિટી છે. ઊર્જાથી ભરેલા, પ્રેમથી ભરેલા અને માનવતાથી ભરેલા છે ચં. ચી. મહેતા ઉપરાંત નાટ્યકાર શૈલેશ ટેવાણીએ જણાવ્યું કે 'ચં.ચી.એ કુલ ૮૨ નાટકો લખ્યાં છે. ચં. ચી. નાટ્યમનીષી છે. એકાંકી, દ્વિઅંકી, ત્રિઅંકી એમ વિવિધ સ્વરૂપોમાં ખેડાણ કરેલું છે. ઉલ્લેખનીય નાટ્યકૃતિઓ આગગાડી, પાંજરાપોળ, મેના પોપટ, અખો, શિખરણી, સતી, ધરાગુર્જરી નામો લઈ શકાય. ગાંધીવિચારને નાટ્યદેહ આપી ચં.ચી મહેતાએ લગભગ ૧૨ જેટલા રેડિયો નાટકો આપ્યાં છે.

જ્યારે વાર્તાકાર, વિવેચક અજય રાવલે કહ્યું કે 'ચં. ચી. મહેતાએ આત્મકથાનક અને પ્રવાસલેખનના ૧૪ ગ્રંથો આપ્યાં છે. તેઓ અદ્‌ભુત વક્તા હતાં. તેમની આત્મકથામાં નિખાલસતાની પરાકાષ્ટતા જોવા મળે છે. ચં. ચી. મહેતાને પામવાની ચાવી એટલે 'બાંધ ગઠરિયાં'.



## જન્મદિવસ શુભ હો... શુભદાયી...

૧ જૂન: **ધૈવત જોશીપુરા** (ઉદઘોષક, વડોદરા)

૧ જૂન: **દાસ ભરતજી** (કવિ, લોકગાયક, ભાવનગર)

૧ જૂન: **શ્યામ મકવાણા** (લોકગાયક, ભાવનગર)

૧ જૂન: **અશોક કલાણી** (ચિત્રકાર, ભાવનગર)

૧ જૂન: **રશીદ મીર** (કવિ, ગઝલકાર, વડોદરા)

૨ જૂન: **સાવની શાહ** (ગાયિકા, અમદાવાદ)

૨ જૂન: **વિક્રમ રાઠોડ** (ચિત્રકાર, ભાવનગર)

૨ જૂન: **ઇલિયા રાજા** (સંગીતકાર, ચેન્નાઈ)

૨ જૂન: **સ્નેહલ શેવડે** (ગાયક, અમદાવાદ)

૨ જૂન: **પ્રજ્ઞા વશી** (કવયિત્રી, સુરત)

૩ જૂન: **હિરેન વૈષ્ણવ** (ગાયક, ભાવનગર)

૩ જૂન: **અર્ચિતા મહેતા** (નૃત્ય કલાકાર-કથ્થક, ભાવનગર)

૩ જૂન: **વિશ્વનાથ બાટુંગે** (ગાયક, અમદાવાદ)

૪ જૂન: **રન્નાદે શાહ** (લેખિકા, અમદાવાદ)

૪ જૂન: **હરબંસ પટેલ 'તન્હા'** (કવિ, આણંદ)

૪ જૂન: **એસ.પી. બાલાસુબ્રમણ્યમ** (ગાયક, મુંબઈ)

૫ જૂન: **વીજુ શાહ** (સંગીતકાર, મુંબઈ)

૫ જૂન: **સુરેશ વિરાણી** (કવિ, સુરત)

૬ જૂન: **પ્રીતિ સાગર** (ગાયિકા, મુંબઈ)

૭ જૂન: **સંજય ભાવે** (લેખક, અમદાવાદ)

૭ જૂન: **ઉષા ઉપાધ્યાય** (લેખિકા, અમદાવાદ)

૧૦ જૂન: **યામિની વ્યાસ** (કવયિત્રી, સુરત)

૧૦ જૂન: **રૂપકુમાર રાઠોડ** (ગાયક, મુંબઈ)

૧૩ જૂન: **દિપાલી સોમૈયા** (ગાયિકા, મુંબઈ)

૧૩ જૂન: **દેવયાની ઓઝા** (ગાયિકા, ભાવનગર)

૧૩ જૂન: **હિરલ બ્રહ્મભટ્ટ** (ગાયિકા, અમદાવાદ)



## સુખદાયી... ચિર આયુ પામો

૧૪ જૂનઃ **પ્રીતમ** (સંગીતકાર, મુંબઈ)

૧૫ જૂનઃ **જીતેન્દ્ર ઠક્કર** (ટીવી અને નાટ્ય કલાકાર, અમદાવાદ)

૧૬ જૂનઃ **આમ્રપાલી દેસાઈ** (રેડિયો ઉદઘોષક, સુરત)

૧૮ જૂનઃ **રસિક દવે** (અભિનેતા, મુંબઈ)

૧૯ જૂનઃ **રાજેશ જોહરી** (કવિ, સંગીતકાર, મુંબઈ)

૧૯ જૂનઃ **સરૂપ ધ્રુવ** (કવિ, અમદાવાદ)

૨૦ જૂનઃ **મહેન્દ્ર મેઘાણી** (સાહિત્યકાર, ભાવનગર)

૨૧ જૂનઃ **નિરંજન મહેતા** (નાટ્ય અભિનેતા, મુંબઈ)

૨૧ જૂનઃ **કૌસ્તુભ ત્રિવેદી** (નાટ્યકાર, મુંબઈ)

૨૨ જૂનઃ **પંડિત રોનુ મજુમદાર** (વાદક કલાકાર-બાંસુરી, મુંબઈ)

૨૨ જૂનઃ **આશિતા લિમયે** (ગાયિકા, વડોદરા)

૨૩ જૂનઃ **કલાપી પાઠક** (વાદક કલાકાર-તબલાં, ભાવનગર)

૨૪ જૂનઃ **ભાવેશ ઠાકર** (વાદક કલાકાર- ઓક્ટાપેડ, અમદાવાદ)

૨૫ જૂનઃ **રિશીન સરૈયા** (વાદક કલાકાર-તબલાં, અમદાવાદ)

૨૫ જૂનઃ **સતીશ શાહ** (અભિનેતા, મુંબઈ)

૨૬ જૂનઃ **હર્ષદ ચંદારાણા** (કવિ, અમરેલી)

૨૭ જૂનઃ **વિનેશ અંતાણી** (સાહિત્યકાર, હૈદરાબાદ)

૨૭ જૂનઃ **નીતિન મુકેશ** (ગાયક, મુંબઈ)

૨૮ જૂનઃ **આશિત દેસાઈ** (ગાયક, મુંબઈ)

૨૮ જૂનઃ **પીનાકીન વ્યાસ** (ગાયક, સંગીતકાર, ગાંધીનગર)

૨૯ જૂનઃ **તુષાર શુક્લ** (કવિ, સાહિત્યકાર, અમદાવાદ)

૨૯ જૂનઃ **આસ્થા તાહમણકર** (નાટ્ય અભિનેત્રી, મુંબઈ)

૨૯ જૂનઃ **તેજસ મજમુદાર** (ઉદ્‌ઘોષક, અમદાવાદ)




પારૂમા
જ્વેલ્સ્
Exclusive Diamond Jewellery
"પારૂમા હાઉસ" નેહરુ નગર સર્કલ પાસે,અમદાવાદ-૧૫. ફોન : ૦૭૯ - ૨૬૭૫૦૫૦૮, ૭૫૭૫૮ ૫૦૫૦૮


નિર્ણય તમારો
અને આપી ઇશ્વરે દેન,
દીકરી જાણી
એના પર ન બોલો કડવા વેણ.
બેટી વધાવો
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન
રાષ્ટ્રીય સ્વાસ્થ્ય મિશન
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

Registered under RNI No.GUJGUJ/2011/44495. Permitted to post at Ahmedabad PSO on 14th Date of Every Month under Postal Regd. No. GAMC-1833/2018-2020 valid upto 31/12/2020. Published on dated 10th. Posted on every month.

SHYAMAL-SAUMIL

the musical odyssey

**વેકેશનની મજા માણો...**

**મસ્તી, માહિતી અને મનોરંજન સાથે...**

**ગુજરાતી બાળગીતો અને જોડકણાંની વિવિધ CD આજે જ વસાવો.**




**મેઘધનુષ**

**બાળપણની રંગીન પ્રતિકૃતિ**




**ટીમ ટીમ તારા**

**ચંદ્રકાન્ત ઠક્કર 'મેહ' રચિત ગુજરાતી બાળગીતો**




**અલ્લકમલ્લક**

**બાળપણની ભીની છાલક**

## Audio CD Available at all **Music Stores**

Marketed by : Wonder Waves Ent. Pvt. Ltd, 707, Shitiratna, Shri Avinash Vyas Chowk, Panchavati Circle, Ellisbridge, Ahmedabad - 380006.
Contact us: +91-79-26561834/35 Visit us: www.shyamalsaumil.com